dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 171 | AD - 2025, Fagan Vad - 13 | Thursday, Dt.27-03-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કરણી સેનાના સભ્યોને રોકવાનો પ્રયાસ કરતા પોલીસ પર પથ્થરમારો કરાયો

## રાણા સાંગા પર વિવાદાસ્પદ નિવેદન બદલ સપા સાંસદના ઘરે કરણી સેનાનો હુમલો

(એચ.એસ.એલ),આગ્રા,તા.૨૬

રાણા સાંગા પરના વિવાદાસ્પદ નિવેદનને લઈને કરણી સેનાએ સપાના રાજ્યસભા સાંસદ રામજી લાલ સુમનના ઘરે હંગામો મચાવ્યો હતો. આ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ પણ થયું. જ્યારે લાકડીઓનો ઉપયોગ કરવામાં આવ્યો, ત્યારે નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન પથ્થરમારો થયો હતો. અચાનક થયેલા પથ્થરમારાને કારણે પોલીસને પરસેવો છૂટી ગયો હતો. પથ્થરમારામાં ઈન્સ્પેક્ટર સહિત ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. માહિતી મળતાની સાથે જ ઘટનાસ્થળે વધારાની પોલીસ ફોર્સ બોલાવવામાં આવી હતી. પોલીસે તોફાનીઓને ભગાડવા માટે બળપ્રયોગ કર્યો હતો. આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ દેશમાં રાજકીય ગરમી વધી શકે છે.

કરણી સેના રાણા સાંગા પર વિવાદાસ્પદ નિવેદન આપનારા સપાના રાજ્યસભાના સાંસદ રામજી લાલ સુમનના નિવાસસ્થાને ઘેરો ઘાલવા પહોંચી હતી. અહીં પહેલાથી જ પોલીસ તૈનાત હતી. કરણી સેનાના કાર્યકરો સૂત્રોચ્ચાર કરતા નિવાસસ્થાનના મુખ્ય દરવાજામાં પ્રવેશવા લાગ્યા. આ દરમિયાન, જ્યારે પોલીસે તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓ હિંસક બની ગયા અને પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન ત્યાં રાખેલી ખુરશીઓ ફેંકવામાં આવી હતી. લાકડીઓ વડે તોડફોડ કરવામાં આવી હતી. આ હુમલામાં ઈન્સ્પેક્ટર ઘાયલ થયા હતા.

માહિતી મળતા જ હરિપર્વત પોલીસ સ્ટેશનથી વધારાનો પોલીસ કાફલો પહોંચી ગયો. આ પછી, પોલીસે લાકડીઓ વડે માર મારીને પ્રદર્શનકારીઓને ભગાડવાનું શરૂ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન, ઘણા લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હોવાના અહેવાલ છે. તમને જણાવી દઈએ કે સવારથી જ સાંસદના ઘરને ઘેરવાની તૈયારીઓ ચાલી રહી



હતી. કરણી સેનાના અધિકારીઓ અને કાર્યકરો અતિમાદપુરમાં એકઠા થયા હતા. ત્યાં પણ પોલીસે તેમને અટકાવ્યા હતા. દરમિયાન, બપોરે, આ લોકો મોટી સંખ્યામાં હરિપર્વત વિસ્તારમાં સપા સાંસદના નિવાસસ્થાને પહોંચ્યા હતા.

રાણા સાંગા પર સપાના રાજ્યસભા સાંસદ દ્વારા આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનને લઈને આગ્રામાં હોબાળો મચી ગયો છે. એક તરફ, સાંસદના નિવાસસ્થાન પર હુમલો કરવામાં આવ્યો, તો બીજી તરફ, કરણી સેનાએ દિલ્હી હાઈવે બ્લોક કરી દીધો હતો. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. અહીં પોલીસ સાથે ઘણી ઝપાઝપી થઈ. પોલીસ પરિસ્થિતિને કાબુમાં લેવામાં ભાગ્યે જ સફળ રહી હતી.

રામજી લાલ સુમને સંસદમાં કહ્યું હતું કે જો મુસ્લિમોને બાબરના વંશજ કહેવામાં આવે છે, તો હિન્દુઓ દેશદ્રોહી રાણા સાંગાના વંશજ હોવા જોઈએ. અમે બાબરની ટીકા કરીએ છીએ. પણ, આપણે રાણા સાંગાની ટીકા કેમ નથી કરતા? રામજી લાલના નિવેદન પર ભારે હોબાળો થયો. હકીકતમાં, સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ રામજી લાલ સુમને કહ્યું કે ભાજપના લોકોનું આ એક વાક્ય બની ગયું છે કે મુસ્લિમોમાં બાબરનો ડીએનએ છે. છેવટે, બાબરને કોણ લાવ્યું? ઈબ્રાહિમ લોદીને હરાવવા માટે રાણા સાંગા બાબરને હિન્દુસ્તાન લાવ્યા હતા. જો મુસ્લિમો બાબરના વંશજો છે તો તમે દેશદ્રોહી રાણા સાંગાના વંશજો છો. સુમન શુક્રવારે રાજ્યસભામાં ગૃહ મંત્રાલયના કામકાજની સમીક્ષા પર બોલી રહ્યા હતા.

હોબાળા પછી, સુમને મીડિયાને જણાવ્યું કે સૂર્યવંશી રાજપૂતોના સિસોદિયા વંશના રાણા સાંગા ૧૫૦૮ થી ૧૫૨૮ સુધી મેવાડના શાસક હતા. દરેક વ્યક્તિ ઈતિહાસના પાના ફેરવી રહ્યા છે. ભાજપના નેતાઓને પૂછો કે તેઓ કયા પાના ફેરવી રહ્યા છે. તેઓ શેના વિશે દલીલ કરી રહ્યા છે? તેઓ ઔરંગઝેબ વિશે વાત કરવા માંગે છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પણ કરણી સેનાના સભ્યોએ સપા રાજ્ય કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે કરણી સેનાએ રામજી લાલ સુમન સામે ઈનામની પણ જાહેરાત કરી હતી. કરણી સેનાએ જાહેરાત કરી હતી કે સાંસદ રામજી લાલ સુમનનો ચહેરો કાળો કરનાર અને તેને જૂતા મારનાર વ્યક્તિને ૫ લાખ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે.

## ‘મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ માણસોને મારવા કરતાં પણ ખરાબ છે’ : સુપ્રીમ કોર્ટ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ માણસોને મારવા કરતાં પણ ખરાબ છે. કોર્ટે ગેરકાયદેસર રીતે કાપવામાં આવતા દરેક વૃક્ષ માટે એક વ્યક્તિ પર ૧ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. તાજ ટ્રેપેઝિયમ ઝોનમાં ૪૫૪ વૃક્ષો કાપનાર વ્યક્તિની અરજીને ફગાવી દેતી વખતે ન્યાયાધીશ અભય એસ ઓકા અને ન્યાયાધીશ ઉજ્જલ ભુયાનની બેન્ચે આ ટિપ્પણી કરી હતી. બેન્ચે કહ્યું, ‘પર્યાવરણના મામલામાં કોઈ દયા ન હોવી જોઈએ.’ મોટી સંખ્યામાં વૃક્ષો કાપવા એ માણસોને



મારવા કરતાં પણ ખરાબ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પરવાનગી વિના કાપવામાં આવેલા ૪૫૪ વૃક્ષોના લીલા આવરણને ફરીથી બનાવવામાં અથવા પુનર્જીવિત કરવામાં ઓછામાં ઓછા ૧૦૦ વર્ષ લાગશે.

તાજ ટ્રેપેઝિયમ ઝોનમાં પરવાનગી વિના વૃક્ષો કાપવા બદલ સુપ્રીમ કોર્ટે મથુરાના દાલમિયા બાગના માલિકોને ૪.૫૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. દરેક વૃક્ષ માટે ૧ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે. દાલમિયા બાગમાં કુલ ૪૫૪ વૃક્ષો કાપવામાં આવ્યા હતા. મંગળવારે સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણીમાં કોર્ટે જમીન માલિકને દાલમિયા બાગના એક કિમીની ત્રિજ્યામાં ૯૦૮૦ વૃક્ષો વાવવા માટે જમીન આપવાનો આદેશ આપ્યો છે. વૃક્ષો વાવ્યા પછી, તેમણે તેમની જાળવણી માટે વન વિભાગમાં પૈસા પણ જમા કરાવવા પડશે. તાજ ટ્રેપેઝિયમ ઝોનમાં વૃક્ષો કાપવા અંગે બેન્ચે ખૂબ જ કડક વલણ અપનાવ્યું. કોર્ટે કેન્દ્રીય સશક્ત સમિતિની ભલામણોને સ્વીકારીને દાલમિયા બાગ કેસમાં પ્રતિ વૃક્ષ ૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ આપ્યો હતો.

## પ્રતિબંધિત સંગઠનોની પ્રવૃત્તિઓની તપાસના ભાગરૂપે કાશ્મીર ખીણમાં પોલીસના દરોડા

શ્રીનગર,તા.૨૬

જમ્મુ-કાશ્મીરમાં પ્રતિબંધિત સંગઠનોની પ્રવૃત્તિઓની તપાસના ભાગ રૂપે, પોલીસે અહીં કાશ્મીર ખીણમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા, જેમાં ભૂતપૂર્વ હુર્રિયત વડા અબ્દુલ ગની ભટના નિવાસસ્થાનોનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓ પાસેથી મળેલી માહિતી અનુસાર, શ્રીનગર, બારામુલ્લા અને અનંતનાગ સહિત કાશ્મીર ખીણમાં બે દિવસ સુધી અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ



નોંધાયેલા કેસ પ્રતિબંધિત સંગઠનો સાથે સંબંધિત છે. આમાં જમ્મુ અને કાશ્મીર મુસ્લિમ કોન્ફરન્સ (ભાટ ગ્રુપ), જમ્મુ અને કાશ્મીર મુસ્લિમ લીગ (મસરત આલમ ગ્રુપ) અને જમ્મુ અને કાશ્મીર ડેમોક્રેટિક ફ્રીડમ પાર્ટી (શબ્બીર શાહ ગ્રુપ)નો સમાવેશ થાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભટ્ટના બે નિવાસસ્થાનો પર દરોડા પાડવામાં આવ્યા હતા. આમાંથી એક બારામુલ્લામાં અને બીજું શ્રીનગરના વઝીર બાગમાં સ્થિત છે. ભટ હુર્રિયત કોન્ફરન્સનો એક ઘટક, જમ્મુ અને કાશ્મીર મુસ્લિમ કોન્ફરન્સ (ભાટ ગ્રુપ) ના વડા છે. તેમણે કહ્યું કે ડેમોક્રેટિક ફ્રીડમ પાર્ટીના વડા શબ્બીર અહેમદ શાહના ઘરે પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સત્તાવાર નિવેદન અનુસાર, જે અન્ય નેતાઓના ઘરો પર દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં તહરીક-એ-હુર્રિયતના વડા મસરત આલમ ભટ, ગુલામ નબી સુમ્બજી, મુશ્તાક અહેમદ ભટ (ઉર્ફે ગુગ્ગા), ગુલામ નબી વાગે, ફિરોઝ અહેમદ ખાન અને મોહમ્મદ નઝીર ખાન, હકીમ અબ્દુલ રશીદ અને જાવેદ અહેમદ મુનશી (ઉર્ફે બિલ્પાપા)નો સમાવેશ થાય છે.




## બેટિંગ એપ મુદ્દે છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના ઘરે સીબીઆઈના દરોડા

(એચ.એસ.એલ),રાયપુર,તા.૨૬

છત્તીસગઢના પાટનગર રાયપુર અને ભિલાઈમાં સીબીઆઈની ટીમના દરોડાના અહેવાલ સામે આવી રહ્યા છે. સીબીઆઈએ પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના ઘરે અને આઈપીએસ અધિકારી આરિફ શેખના ઘરે રેડની કાર્યવાહી શરૂ કરી છે. રિપોર્ટ્સ મુજબ સીબીઆઈ વિનોદ વર્માના ઘરે પણ રેડ કરી શકે છે. સીબીઆઈના અધિકારીઓ સવાર સવારમાં ભિલાઈ અને રાયપુર સ્થિત ઘરે પહોંચ્યા. આ અગાઉ પણ ઈડીની ટીમે આ સમયે દરોડા પાડ્યા હતા.

સીડી કાંડ મામલે સીબીઆઈએ રિવિઝન પીટીશન દાખલ કરી હતી. આ અગાઉ પહેલા કોર્ટે સીડી કાંડ મામલે ભૂપેશ બઘેલને આરોપ મુક્ત કર્યા હતા. રિવિઝિન પીટીશન પર સુનાવણી ૪ એપ્રિલે થવાની છે. સુનાવણી પહેલા સીબીઆઈના અધિકારી પૂર્વ સીએમ ભૂપેશ બઘેલના ઘરે પહોંચી ગયા હતા.

ભૂપેશ બઘેલના કાર્યાલયે સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતા લખ્યું કે હવે સીબીઆઈ આવી છે. આગામી ૮ અને ૯ એપ્રિલે અમદાવાદમાં થનારી એઆઈસીસીની બેઠક માટે બનાવવામાં આવેલી ડ્રાફ્ટિંગ કમિટીની બેઠક માટે આજે પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલનો દિલ્હી જવાનો કાર્યક્રમ છે. તે પહેલા જ



સીબીઆઈ રાયપુર અને ભિલાઈ નિવાસ પહોંચી ચૂકી છે.

મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનાવવામાં આવેલી એપ છે. જેના પર યૂઝર્સ પોકર, કાર્ડ ગેમ્સ, ચાન્સ ગેમ્સ નામથી લાઈવ ગેમ રમતા હતા. એપ દ્વારા ક્રિકેટ, બેડમિન્ટન, ટેનિસ, ફૂટબોલ જેવા ખેલો અને ચૂંટણીમાં પણ ગેરકાયદેસર સટ્ટો રમાતો હતો. સટ્ટાના નેટવર્ક દ્વારા આ એપની જાળ એવી ફેલાઈ કે સૌથી વધુ ખાતા છત્તીસગઢમાં ખુલ્યા. આ એપથી ફ્રોડ માટે એક આખી રૂપરેખા તૈયાર થઈ હતી. હકીકતમાં મહાદેવ બેટિંગ એપ અનેક બ્રાન્ચથી ચાલતી હતી. દરેક બ્રાન્ચને સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ ફ્રેન્ચાઈઝી તરીકે વેચતા હતા. યૂઝરને ફક્ત શરૂઆતમાં ફાયદો થતો અને પછી નુકસાનમાં પટકાતા હતા. ફાયદાના ૮૦ ટકા ભાગ બંને પોતાની પાસે રાખતા હતા. સટ્ટાબાજી એપ રેકેટ એક એવા મશીન તરીકે કામ કરે છે જેમાં ઓલ્ગોરિધમ એ નક્કી કરે છે કે એપમાં પૈસા લગાવનારા ફક્ત ૩૦ ટકા ગ્રાહકો જ જીતે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા. ૨૭-૦૩-૨૦૨૫

# રાજુલામાં ટ્રેનની અડફેટે યુવતીનું કરૂણ મોત



અમરેલી,તા.૨૬

રાજુલામાં ટ્રેનની અડફેટે આવતા યુવતીનું મોત નિપજયાની ઘટના સામે આવી છે. રાજુલાના મહુવા ફાટક ક્રોસ કરતાં યુવતી ગેસ ટેન્કર લઈ જતી ટ્રેનની અડફેટે ચઢી અને અકસ્માતનો ભોગ બની હતી. ટ્રેનની અડફેટે આવતા જ ઘટનાસ્થળ પર જ યુવતીનું મોત નિપજયું હતું. ઘટનાસ્થળ પર ભેગા થયેલા લોકોએ આ ઘટનાની પોલીસને જાણ કરી હતી. રાજુલા મહુવા ફાટક પાસે ટ્રેનની અડફેટે એક યુવતીનું મોત થતા ત્યાં આસપાસના લોકોએ રાજુલા પોલીસની સાથે ૧૦૮ને પણ જાણ કરી હતી. પોલીસ અને રેલવે પોલીસે બનાવ સ્થળ પર પહોચી અકસ્માતને લઈને વધુ વિગત તપાસ હાથ ધરી છે. ટ્રેનની અડફેટે આવનાર યુવતી એટલી હદે ચગદાઈ હતી કે તેની ઓળખ કરવી પોલીસ માટે મુશ્કેલ બની છે. પોલીસને આશંકા છે કે આ અકસ્માત નહીં પરંતુ આત્મહત્યાનો બનાવ પણ હોઈ શકે છે. પોલીસે ૧૦૮ એમ્બ્યુલન્સમાં આ યુવતીને પોસ્ટમોર્ટમ માટે રાજુલા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ યુવતીની ઓળખ તેમજ આ ઘટનાને લઈને વધુ સચોટ માહિતી પોલીસને મળી શકશે. હાપા રાજકોટથી પીપાવાવ ગેસ ટેન્કર લઈ જતી ટ્રેનની અડફેટે આવનાર યુવતીની ઓળખ મેળવવા પોલીસે ઘટનાસ્થળ અને તેની આસપાસના સીસીટીવી ચેક કરવાની કામગીરી હાથ ધરી છે.

**નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાને પત્ર પાઠવ્યો**

# સુજલામ સુફલામ યોજના હેઠળ માટી ઉપાડવાની મંજૂરી આપવા વનરાજભાઈ કોઠીવાળની રજૂઆત

**માટી માટે મંજુરી આપવામાં આવે તો ખેડૂતોની સમસ્યા હલ થાય**

અમરેલી, તા.૨૬

અમરેલી તાલુકાના ગામોમાં ખેડૂતોને ખેતી માટે માટીની જરૂરિયાત છે. સુજલામ સુફલામ યોજના હેઠળ તાત્કાલિક ધોરણે માટી ઉપાડવાની મંજૂરી આપવા તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ દ્વારા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર પાઠવી



રજૂઆત કરવામાં આવી છે. આ મંજૂરીથી ખેડૂતોને ખેતી માટે સમયસર માટી મળી રહેશે અને પાકને ફાયદો થશે. આથી આ બાબતે ઘટતું કરવા અને તેઓ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરે અને ખેડૂતોને મદદરૂપ થાય તેવું અંતમાં જણાવેલ છે.

# વડીયા આંગણવાડી કેન્દ્રની મુલાકાત કરતા ડીડીઓ

વડીયા, તા.૨૬



વડીયા મામલતદાર કચેરીએ સ્વાગત કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા જિલ્લા ડીડીઓએ વડીયા સદગુરૂ નગરમાં આવેલ ૮૯ નંબરના આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી હતી અને આંગણવાડીના નાના નાના બાળકો સાથે મુલાકાત કરી હતી તેમજ બાળકોને પૌષ્ટિક આહાર અને વ્યવસ્થિત નાસ્તો મળી રહે છે કે કેમ તેની પણ માહિતી મેળવી હતી. આ તકે વડીયા ગ્રામપંચાયતના સદસ્ય ચેતનભાઈ દાફડા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી કલેકટર કચેરી ખાતે સમાન સિવિલ કોડ સમિતિના સભ્યોની પ્રબુદ્ધ નાગરિકો સાથે બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૬

ભારતના બંધારણમાં ઉલ્લેખિત સમાન નાગરિક સંહિતાને લાગુ કરવા માટેના મૂલ્યાંકન માટેની સમાન સિવિલ કોડ સમિતિના સભ્ય ગીતાબેન શ્રોફ અને દક્ષેશ ઠાકરે આજે અમરેલી જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધાર્મિક સંસ્થાઓના વડા - પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો પાસેથી યુસીસી (Unifrom Civil Code)ના અમલીકરણ માટેના સૂચનો- પ્રતિભાવો મેળવ્યા હતા. આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા સમિતિના સભ્ય અને સામાજિક કાર્યકર ગીતાબેન શ્રોફે જણાવ્યું કે યુસીસી સમિતિના અધ્યક્ષ અને સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ રંજનાબેન દેસાઈની અધ્યક્ષતા હેઠળ આ સમિતિના સભ્ય દ્વારા યુસીસી સંદર્ભે જુદાં-જુદાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, ધાર્મિક સંસ્થાઓના વડા - પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો પાસેથી તેમના સૂચનો- અભિપ્રાયો મેળવવામાં આવી રહ્યા છે. આ બેઠકના પ્રારંભે કલેકટર અજય દહિયા અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે યુસીસી સમિતિના સભ્યોને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા. અમરેલી બાર એસોસિએશનના પ્રતિનિધિ સહિતના લોકોએ યુસીસી સંદર્ભે લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે તે માટેના તેમના અભિપ્રાયો - સૂચનો રજૂ કર્યા હતા.

# નાના ભંડારીયા ગામમાં શહીદ દિન નિમિત્તે લોકડાયરાનું આયોજન કરાયું

અમરેલી, તા.૨૬



નાના ભંડારીયા ગામમાં શહીદ દિન નિમિત્તે એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના પ્રસિદ્ધ હાસ્યકલાકાર મનસુખભાઈ વસોયા, લોકગાયક વિમલભાઈ મહેતા અને યુવા ગાયક જશ મહેતા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમસ્ત ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે નાના ભંડારીયા સરપંચ નરેશભાઈ ત્રાપસિયા તેમજ ઉપસરપંચ ઘનશ્યામભાઈ દેવાણી તેમજ ગ્રામપંચાયતના સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના કંદર્પ ભટ્ટે ગીટાર વાદનમાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો

સાવરકુંડલા,તા.૨૬


તસવીર : સૌરભ દોશી

માર્ચ ૨૦૨૫ માં ગાંધીનગર સેક્ટર-૧૭ ખાતે યોજાયેલ કલા મહાકુંભમાં, સાવરકુંડલાના કંદર્પ ભટ્ટએ ગીટાર વાદનમાં ગુજરાતના ચારેય ઝોનના શ્રેષ્ઠ પ્રતિભાશાળીઓને પાછળ છોડીને શિખર સર કર્યું હતું. આ અમરેલી જિલ્લા અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. નાનપણથી જ સંગીત પ્રત્યે લગાવ ધરાવતા કંદર્પે ધોરણ ૩ થી જ સંગીતની તાલીમ શરૂ કરી હતી. તેમણે શિક્ષા વિશારદ પૂર્ણ કર્યું અને રાષ્ટ્રીય સ્તરે પણ ભાગ લીધો હતો. કંદર્પ માને છે કે કલા જન્મોજન્મની સાધના છે. તેણે રાજકોટ મ્યુઝિક કોલેજમાં બી.એડ. કર્યું અને અમદાવાદમાં વેસ્ટર્ન સંગીત પણ શીખ્યો. આજે, કંદર્પ ભટ્ટ ક્લાસિસ દ્વારા નવા કલાકારોને તાલીમ આપે છે અને પોતે પણ સતત શીખતો રહે છે.

# સાવરકુંડલાથી ૫૦ હાજીઓ ઉમરાહની પવિત્ર યાત્રા માટે રવાના થશે

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલામાં રમઝાન માસના પવિત્ર દિવસોમાં, લગભગ ૫૦ જેટલા હાજીઓ ઉમરાહ માટે રવાના થશે. આ તમામ હાજીઓને શહેરના સ્થાનિકોએ ફૂલહાર પહેરાવીને સન્માનિત કર્યા હતા અને તેમની યાત્રા માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે, આયોજક આસિફભાઈ ચૌહાણએ જાહેરાત કરી હતી કે, ૩૦ માર્ચના રોજ આ યાત્રીઓ લીંબડી ચોકથી રવાના થશે. પિન્ટુભાઈ મલેકે ઉમરાહની યાત્રાએ જનારા તમામ યાત્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# લાઠી તાલુકા પે સેન્ટર પ્રા.શાળાનાં મધ્યાહન ભોજન સંચાલકની જગ્યા માટે ૫ એપ્રિલ સુધીમાં અરજી કરવી

અમરેલી, તા.૨૬

લાઠી તાલુકા પે સેન્ટર પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન સંચાલકની જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવી છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૫ એપ્રિલ, ૨૦૨૫ છે. આ જગ્યા માટે ઉમેદવારની લાયકાત ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ અને ઉંમર ૨૦ થી ૬૦ વર્ષની હોવી જોઈએ. સરકારના નિયમ મુજબ માનદ વેતન ચૂકવવામાં આવશે. નિયત નમૂનાનું અરજી ફોર્મ લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતેથી મળી શકશે. ફોર્મ ભરીને જરૂરી દસ્તાવેજો સાથે ૫ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન યોજના શાખામાં જમા કરાવવાનું રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. ઉમેદવારની પસંદગી માટે જરૂર જણાયે રૂબરૂ મુલાકાત દરમિયાન વિશેષ વિગતો રજૂ કરવાની રહેશે. મુલાકાત માટે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે. ઉમેદવારની પસંદગી સરકારના નિયમો અને ધારાધોરણો મુજબ થશે.

# જિલ્લા કલેકટર અજય દહિયાએ ધાવડીયા ગામની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૬



અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ ધાવડીયા ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં ગ્રામ પંચાયત, સરકારની વિવિધ યોજનાઓ અને મહેસૂલ સંબંધિત બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી ખાંભળા, નાયબ મામલતદાર રાજુભાઈ પરમાર, આરોગ્ય વિભાગના અધિકારી ગૌસ્વામી, સીડીપીઓ, રેવન્યુ મંત્રી સંદીપભાઈ કોઠારી, ગ્રામસેવક પરેશભાઈ હડિયા, તલાટી કમ મંત્રી કેશુભાઈ મોભ, ગ્રામ પંચાયતના સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કલેકટર દહિયાએ ગામને લગતી માહિતી મેળવી અને ગ્રામજનો સાથે ગામના પ્રશ્નોને લઈ વાતચીત કરી હતી.

# સાવરકુંડલા દાઉદી વ્હોરા સમાજ દ્વારા આરોગ્ય મંદિરમાં ફ્રૂટ વિતરણ

અમરેલી,તા.૨૬



સાવરકુંડલા દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરુના ૮૨મા અવતરણ દિવસ નિમિત્તે અહીંના શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે દાઉદી વ્હોરા સમાજ દ્વારા દર્દીઓને ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દાઉદી વ્હોરા સમાજના ૫૩મા ધર્મગુરુ હીઝ હોલીનેસ ડોકટર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના ૮૨માં જન્મદિવસ નિમિત્તે યોજાયો હતો. ધર્મગુરુના આદેશ પ્રમાણે સાવરકુંડલાના દાઉદી વ્હોરા સમાજના ભાઈઓએ આ સેવાકીય કાર્ય કર્યું હતું. તેમણે દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા અને તેમને ફ્રૂટનું વિતરણ કર્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)


વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર
★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ
★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ
★★★★★
લાંબી આરામદાયક સીટ
★★★★★
મોટું ફ્લોરબોર્ડ
★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર
★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું DESTINI 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પલશ સીટ 785mm |LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# અમરેલી પાલિકામાં સર્વર ડાઉન હોવાથી વેરો ભરવા માટે લોકોને પડતી હાલાકી

**ઓનલાઈન વેરો ભરાતો હોવાથી લોકોને પાલિકાએ થતાં ધક્કા**



અમરેલી, તા.૨૬

રાજય સરકાર દ્વારા વેરા ઝુંબેશ કડક બનાવવા માટે વારંવાર સૂચનાઓ આપવામાં આવે છે. હાલ માર્ચ મહિનો ચાલુ હોય ત્યારે રાજય સરકારે વેરાવસુલાત કરવા માટે ટાર્ગેટ નક્કી કરવામાં આવેલ છે. પરંતુ અમરેલી નગરપાલિકામાં વેરો ભરવા માટે સર્વર જ ડાઉન હોવાથી શહેરીજનો વેરો ભરી ન શકતા હોવાનું સામે આવ્યું છે. અમરેલી પાલિકા દ્વારા દર વર્ષે વેરો ભરવા માટે લોકો જાગૃત થાય તે માટે શહેરમાં માઈક મારફત લોકોને વેરો ભરી જવા માટે કહેવામાં આવે છે ત્યારે બાકીદારો વેરો બાકી ન રહે તે માટે સજાગ બની વેરો ભરવા માટે નગરપાલિકાએ જાય ત્યારે બાકીદારોને નવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વેરો ભરવા માટે સર્વર જ ડાઉન હોવાથી વેરો ભરી શકતા નથી. જોકે ઓનલાઈન જ વેરો ભરવાનો હોવાથી મેન્યુઅલી વેરો સ્વીકારવામાં આવે તે માટે કોઈ કામગીરી નગરપાલિકામાં થતી નથી. આમ પાલિકામાં વેરો ભરવા માટે લોકોને ધરમધક્કા થઈ રહ્યા છે.

**પડતર પ્રશ્નોને લઈ હડતાલ પર ઉતરેલા કર્મચારીઓ સામે એસ્મા લાગુ કર્યા બાદ**

# અમરેલી જિલ્લામાં ૨૫૧ આરોગ્ય કર્મીઓને છુટ્ટા કર્યા બાદ પરત લેવાયા

**૪૪ કર્મચારીઓ સામે ચાર્જશીટ રજૂ કરાયુ, મોટાભાગના કર્મચારીઓ ફરજ પર હાજર થયા**

અમરેલી,તા.૨૬

રાજયમાં આરોગ્ય કર્મચારીઓએ પડતર પ્રશ્નોને લઈ સરકાર સામે બાંયો ચડાવી છે. જેથી રાજય સરકારે પણ આ બાબતે સખત વલણ અપનાવ્યુ છે અને ૧૧૦૦ કર્મચારીઓને ફરજ મોકૂફ કરી દીધા છે જયારે ૪૦૦૦ કરતા વધુ કર્મચારીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં અમરેલી જિલ્લા પંચાયત હસ્તકના ૨૫૧ કર્મચારીઓને છુટ્ટા કર્યા બાદ પરત લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી જોષીએ જણાવ્યું હતું કે ત્રણ દિવસ પહેલા સરકાર સામે હડતાલ પર ઉતરેલા કર્મચારીઓ સામે એસ્મા લાગુ કરવામાં આવ્યો હતો. જેથી અમરેલી જિલ્લામાં ૨૫૧ કર્મચારીઓને છુટ્ટા કરવામાં આવ્યા હતા. છુટ્ટા થયાના બે દિવસ બાદ જ આ કર્મચારીઓ ફરજ પર હાજર થવા માંગતા હોય જેથી તેઓને ફરજ પર હાજર કરવામાં આવ્યા હતા. જિલ્લામાં ૪૪ આરોગ્ય કર્મચારીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય તેમ જાણવા મળ્યું છે. જિલ્લામાં ૪૩૩ કર્મચારીઓ હડતાલમાં જોડાયા હતા જેમાંથી મોટાભાગના કર્મચારીઓ ફરજ પર હાજર થઈ ગયા છે.

# સાવરકુંડલામાં યુવકને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

**યુવકે મહિલા સહિત ત્રણ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં એક યુવકને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે પ્રવીણભાઈ વેલજીભાઈ ચાવડા (ઉ.વ.૩૬) એ અંતુભાઈ શામજીભાઈ પરમાર, અજયભાઈ મીઠાભાઈ મોલડીયા તથા રેખાબેન અંતુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ લીમડી ચોકમાં તેના મિત્ર દિપકભાઈ પરમારનું મોટરસાઈકલ લેવા માટે ગયા હતા. ત્યારે આરોપીઓએ તેમને જાહેરમાં જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુ વડે મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# નેહરૂ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા તાલુકા કક્ષા કલસ્ટર સ્તરીય ખેલકૂદ સ્પર્ધા યોજાઈ

અમરેલી, તા.૨૬



નેહરુ યુવા કેન્દ્ર અમરેલી દ્વારા તાલુકા કક્ષા કલસ્ટર સ્તરીય ખેલકૂદ સ્પર્ધાઓ શ્રી જનતા વિદ્યાલય મોટા આંકડિયા ખાતે યોજવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં વિકાસકુમાર એ.પી.એ. દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું. પ્રવીણ જેઠવા ઓફિસ આસિસ્ટન્ટ દ્વારા નહેરુ યુવા કેન્દ્રની પ્રવૃત્તિઓ વિશે સવિસ્તાર માહિતી આપવામાં આવેલ હતી. પીડી મિયાણી આચાર્ય, જનતા વિદ્યાલય મોટા આંકડિયા દ્વારા યુવાઓને માય ભારત એપ સાથે જોડાવા તથા શરીરની તંદુરસ્તી માટે રમતગમત પ્રવૃત્તિઓમાં જોડાવા માટે ખાસ અનુરોધ કરેલ હતો. તાલુકા પંચાયતના સદસ્ય નીતાબેન રમેશભાઈ બાવીસીએ કાર્યક્રમમાં હાજર રહી સ્પર્ધાઓની શરૂઆત કરાવેલ હતી. પ્રથમ વિજેતા ટીમોને સ્પોર્ટ્સ કીટ જેમાં વોલીબોલ, નેટ, કેરમ, બેડમિન્ટન, ચેસ, ફૂટબોલ વગેરે બે સેટ કચેરી તરફથી ધારાબેન કનક એન.વાય.વી.ના વરદ હસ્તે આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જનતા વિદ્યાલય મોટા આંકડિયા તેમજ નેહરુ યુવા કેન્દ્ર કચેરીના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના આંબરડી ગામે મહિલાએ ત્રણ સંતાનો સાથે ઝેરી દવા પીધા

**મહિલાએ પતિને છોડી બીજું ઘર માંડતા મનમાં લાગી આવ્યું**

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના આંબરડી ગામે મહિલાએ પતિને છોડી બીજું ઘર માંડતા મહિલાને લાગી આવ્યું હતું. જેના કારણે તેણે ત્રણ સંતાનો સાથે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઉલટી ઉબકા થવા લાગતાં સારવારમાં દાખલ કર્યા હતા. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પત્નીએ આશરે બે મહિના પહેલા તેમના ૩ સંતાનો તેમજ તેના પતિને છોડીને બીજું ઘર માંડ્યું હતું. જેથી લાગી આવતા તેમણે પોતાની જાતે ઝેરી દવા પી લીધી હતી અને તેમના ત્રણેય સંતાનોને ભુલથી ઝેરી દવા પીવરાવી હતી. ઉલટી ઉબકા થતા સારવારમાં દાખલ કર્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી એએસઆઈ બી.વાય. હબસી વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં શ્રી રામ જન્મોત્સવ સમિતિના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાયું

**આ પ્રસંગે સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરાયું**



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલામાં શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા શ્રી રામનવમીની ભવ્ય શોભાયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ ભવ્ય શોભાયાત્રાના આયોજન માટે કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ શુભ અવસરે શ્રી સત્યનારાયણ ભગવાનની કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, તારીખ ૨૯ માર્ચને શનિવારે સાંજે ૯-૦૦ કલાકે હનુમાન ચાલીસાના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રામ જન્મોત્સવ સમિતિ દ્વારા તમામ ધર્મપ્રેમી જનતાને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. રામનવમીના પવિત્ર દિવસે નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવે છે. જેમાં તમામ ધર્મપ્રેમી હજારોની સંખ્યામાં ઉત્સાહભેર જોડાય છે.

## અવસાન નોંધ

**સાસણ ગીર**

સાસણ નિવાસી રસીકલાલ તુલસીદાસ કાચેલા (ઉ.વ.૭૧) તે અમૃતલાલભાઈ, હિંમતલાલ અને દિલિપભાઈના ભાઈ તેમજ સુનીલભાઈ, કિરણબેન, આનંદીબેન, જીગુબેન, પૂજાબેન ત્થા સોનલબેનના પિતા તેમજ સ્વ.મનસુખલાલ નાનજીભાઈ તન્ના (વેરાવળ)ના બનેવી તેમજ વિનોદભાઇ, પ્રદીપભાઈ અને વિરેન્દ્રભાઈના ફુવાનું તા.૨૫ ના રોજ દુ:ખદ અવસાન થયું છે. સદ્‌ગતનું ઉઠમણું તેમજ સ્વસુર પક્ષની સાદડી તા.૨૭ ને ગુરુવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાન સ્વામિનારાયણ મંદિર ચોક સાસણ ગીર ખાતે રાખ્યું છે.

**મહુવા**

ઉષાબેન નાનજીભાઈ નાથાભાઈ વાઘેલા (ઉ.વ.૭૮) તે મયુરભાઈ નાનજીભાઈ વાઘેલાના માતાનું તા.૨૪/૩/૨૫ ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૭/૩/૨૫ ને ગુરુવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ વાડી ગુરુકુળ સામે કોલેજ રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## CHANGE OF NAME

I Undersigh VANAK MURTUZA SHABBIRBHAI have changed my name from VANAK MURTUJA SHABBIRALI To VANAK MURTUZA SHABBIRBHAI (New) Now i will be known as VANAK MURTUZA SHABBIRBHAI (new)

Sigh : VANAK MURTUZA SHABBIRBHAI

Address:DALAL CHOWK,AT-BAGASARA,DIST-AMRELI-365440 -GUJARAT INDIA


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 131

**સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ કન્યા કુમારને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.**

- ★ ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
- ★ અત્યાર સુધી GM ટુ EM કોમર્સ સ્કૂલમાં કન્યાને પ્રવેશ મળતો
- ★ હવે થી GM ટુ EM કોમર્સ સ્કૂલમાં કન્યા કુમાર બન્ને ને પ્રવેશ મળશે.
- ★ GM ટુ EM કોમર્સ સ્કૂલ ઉપરાંત થ્રુ આઉટ ઈંગ્લીશ મિડીયમ કોમર્સ સ્કૂલ ચાલુ
- ★ થ્રુ આઉટ ઈ.મી. કોમર્સ સ્કૂલ માં ધો. ૧૦ થ્રુ આઉટ ઈ.મી. કન્યા કુમાર ને પ્રવેશ






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS

Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444 | Buy Online at: www.voltas.com

For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator

Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator | Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455 For product registration, SMS <WTA> to 9829525321 Buy only genuine Voltas stabilizers. | Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર | A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


# બગસરાના આદપુર ગામના ખેડૂતનો મોબાઈલ ફોન ચોરાયો

બગસરા, તા.૨૬

બગસરાના આદપુર ગામના એક યુવકનો ફોન ચોરાયો હતો. બનાવ અંગે નિકુંજભાઈ પ્રફુલભાઈ કેલૈયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેઓ આદપુર ગામે આવેલ તેમની બીડવાળી વાડી તરીકે ઓળખાતી વાડીએથી ઘરે જતા હતા તે દરમિયાન ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે ફોનની કિંમત રૂપિયા ૧૩,૦૦૦ જાહેર થઈ હતી.

## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૦/૨૫ તા.૧૭/૦૩/૨૦૨૫

**વિવાદી** :- વાલીબેન માવજીભાઈ ચૌહાણ
ઠે. આંસોદર, તા. લાઠી, જી.અમરેલી. મો. ૯૭૨૪૯૮૫૬૪૫
C/O પી.પી.પરમાર ઠે. ૨૦, ધર્મશાળા શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયત સામે, લાઠી
મો. ૯૯૭૯૧૪૦૨૯૯

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી** :- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ- તલાટી કમ મંત્રીશ્રી
મુ.આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી

**// જાહેર નોટીસ //**
(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.આંસોદર ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો વાલીબેન માવજીભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૧/૧૨/૧૯૫૭ના રોજ આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૩/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૪/૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

## // એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૨૨/૨૦૨૫

અરજદાર :- શ્રી રાજેન્દ્રકુમાર મથુરદાસ આશર,
રહે.બી/૧૪/૧,સિદ્ધિ વિનાયક સોસાયટી,
ચિતલ રોડ, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં રાજેન્દ્રકુમાર મથુરદાસ આશર, તેમના પિતાશ્રી મથુરદાસ લીલાધરભાઈ આશરની મરણ (તા.૨૦/૦૪/૧૯૭૦)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૧/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી,**
**એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ**
**અમરેલી શહેર**


**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠકકર** M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

## બગસરાના મોટા મુંજીયાસરની પ્રા.શાળામાં

# વિદ્યાર્થીઓએ રમતમાં હાથ-પગ પર બ્લેડના છરકા કર્યા હોવાનું ખુલ્યુ

બગસરા, તા.૨૬

બગસરા તાલુકાના મોટા મુંજીયાસરની પ્રા.શાળામાં ત્રણ દિવસ પહેલા ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ હાથ-પગમાં બ્લેડના ઘા માર્યા હોવાનું વાલીઓના ધ્યાને આવતા વાલીઓ શાળાએ ધસી ગયા હતા. જો કે ઘટનાનું સાચુ કારણ બહાર નહી આવતા સરપંચ દ્વારા ઘટનાની તપાસ કરવા પોલીસને અરજી કરવામાં આવી હતી. બગસરાના



મોટા મુંજીયાસર પ્રા.શાળામાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના હાથ-પગમાં બ્લેડ વડે કાપા મારવાની ઘટના વાલીઓના ધ્યાને આવી હતી.

વાલીઓએ શાળામાં વાત કરતા શિક્ષકો પણ આ ઘટનાથી અજાણ હોવાનું જાણવા મળ્યુ હતું. આ ઘટના અંગે સરપંચ દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી, પીઆઈ સાળુકે સહિતનો પોલીસ સ્ટાફ શાળા ખાતે તપાસમાં દોડી ગયો હતો. આ અંગે પીઆઈ સાળુકેએ જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીઓએ રમત-રમતમાં અથવા કોઈ શરત લગાવી હાથ-પગ પર છરકા કર્યા હતા અને દેખાદેખીમાં બીજા વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. જો કે પોલીસે વાલીની ભૂમિકા ભજવી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવુ ન કરવા માટે સમજાવ્યા હતા.આ ઘટનાને કારણે સમગ્ર તાલુકાની શાળાઓના શિક્ષકોએ પણ બાળકો રમતમાં આવી ભુલ ન કરે તે માટે હવે તકેદારી રાખી રહ્યાં છે.

**કોઈ દોષિત જણાશે તો પગલા લેવાશે : જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી**

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણીના જણાવ્યા અનુસાર બાળકોએ કોઈ વાતમાં આવી આવું પગલું ભરેલ છે. જેના માટે વિશેષ તપાસની જરૂરિયાત જણાઈ રહી છે જેથી આગામી દિવસોમાં આ સમગ્ર ઘટના બાબતે યોગ્ય તપાસ કરી જો કોઈ દોષિત જણાશે તો પગલા લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**ઘટનાની જાણ વાલીઓને કરી હતી : આચાર્ય**

શાળાના આચાર્ય હર્ષાબેન મકવાણાએ જણાવ્યું કે આ બાળકોએ વીડિયો ગેમના આધારે રમત રમી એક ટાસ્ક પૂરો કરવા આવું કરેલ હતું જયારે આ બાબતની જાણ અમોને થતા વાલી મિટિંગ બોલાવી હતી અને વાલીઓને જાણ કરી હતી, જયારે આ બાબતે અમોએ જિલ્લા શિક્ષણ અધિકારી કે તાલુકા શિક્ષણ અધિકારીને જાણ કરેલ નહોતી કે તાલુકા પંચાયતમાં પણ અમોએ જાણ કરેલ નહોતી.

**શિક્ષકોએ ગ્રામ પંચાયતને પણ જાણ કરી નહોતી : સરપંચ**

સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જણાવ્યું કે આમાં તમામ શિક્ષકોની જવાબદારી હોવી જોઈએ. સ્કૂલ કેમ્પસમાં બાળકોને કાંઈ પણ થાય તો જવાબદારી શિક્ષકોની બને જે જવાબદારીમાંથી છટકવાની કોશિશ કરી રહ્યા છે, અને વાલી મિટિંગમાં પણ વાલીઓ પાસેથી શિક્ષકોએ લખાવી લીધેલ હતું કે જો આવા કિસ્સામાં બાળકોને કાંઈ પણ થાય તો આમાં કોઈ પણ જવાબદારી શિક્ષકોની રહેશે નહીં. વધુમાં પંચાયતને પણ જાણ કરેલી નથી અને આ સમગ્ર ઘટના બની ગયા પછી પણ બાળકોને આરોગ્ય શાખામાં તપાસ કરાવી ધનુરનું ઇન્જેક્શન પણ આપવામાં આવેલ ન હતું.

## ખાંભાના ડેડાણ ગામે કૂવામાં ડૂબી જવાથી આધેડનું મોત

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં બે લોકોના કૂવામાં ડૂબી જવાથી મોત થયા હતા. ખાંભાના જીવાપર ગામે રહેતા રાજેશભાઈ માંડણભાઈ હીરપરા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, કેશવભાઈ માંડણભાઈ હીરપરા (ઉ.વ.૫૨) ડેડાણ ગામે ઘનશ્યામભાઈ બાવભાઈ સોડવડીયાના ખેતરે કૂવાના કાંઠે ઈલે. લાઈનનો સાંધો કરતા હતા. તે સમયે સાંધો અચાનક ખેંચાઈ જતા કૂવામાં પડી જતાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમેશભાઈ બાઘાભાઈ શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

જયારે સાવરકુંડલાના દોલતી ગામે રહેતા ભરત છગન કંબોયાની ૧૬ વર્ષીય દિકરીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા મોતને ભેટી હોવાનુ સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર કરવામાં આવ્યુ છે.

## અમરેલીમાં બ્રહ્માકુમારીઝ દ્વારા તપસ્વી નારી સંમેલનમાં ૫૫૧ માતાઓનું સન્માન કરાયું

અમરેલી,તા.૨૬

અમરેલીના ગણેશ પાર્ટી પ્લોટ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લા કેન્દ્રોની ૫૫૧ માતાઓનું મુકુટ તથા ખેસ પહેરાવીને સન્માન કરાયું હતું. અમરેલી સેવા કેન્દ્રના બ્ર.કુ.ગીતાદીદીએ તમામ મહાનુભાવોને શબ્દોથી આવકારેલ. આ પ્રસંગે અમદાવાદના બ્રહ્માકુમારીઝ મહિલા પ્રભાગના



રાષ્ટ્રિય સંયોજિકા મુખ્ય વકતા બ્ર.કુ. શારદાદીદીએ જણાવેલ કે આ શિવશકિતઓ કે જેમણે પોતાના યોગબળ તથા પવિત્રતાના બળ દ્વારા જીવનમાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારરૂપી રાક્ષસનો સંહાર કર્યો છે. ચલાલા દાનમહારાજની જગ્યાના વલકબાપુ, સ્વેત કર્મ અને સ્વેત વ્યકિતત્વ ધરાવનાર અમરેલીનું બહુમૂલ્ય રતન જે હાલ ગાંધીનગર શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર ડૉ. ગીતા શ્રીહરિજીએ કુટુંબ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રના નિર્માણમાં નારીની ભૂમિકાને બિરદાવી હતી. શીતલ આઈસ્ક્રીમના દિનેશભાઈ ભુવા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ગણેશ પાર્ટી પ્લોટના અશોકભાઈ જોગાણી સહિત ૨૫ મહિલા સંગઠનોએ દીપ પ્રાગટયમાં હાજરી આપી હતી.

## અમરેલી એલસીબી ટીમે શંકાસ્પદ ઓઈલ – પેટ્રોલીયમ જથ્થો સીઝ કર્યો

અમરેલી, તા.૨૬

અમરેલી એલસીબી ટીમે માંગવાપાળ ગામેથી ઓઈલ કાઢવા માટે નળી ફીટ કરેલ બે કાપેલ ટીપણા, ઓઈલ કાઢવાની ડંકી, ઓઈલને ભરવા માટે રાખેલ પ્લાસ્ટીકની ગરણી, એક લીટરયુ પતરાનું માપીયું, એક ELECTRONAG NETISM INDUCTION SEALING MACHINE લખેલ શીલ પેકીંગના ઉપયોગમાં લેવામાં આવતું મશીન સહિત વિવિધ સાધનો મળી રૂા.૨,૦૭,૬૩૦ ના મુદ્દામાલ પૈકીનું ઓઈલ પ્રવાહી કેવા પ્રકારનું છે ? અને કોઈ પેટ્રોલીયમ પદાર્થ છે કે કેમ? તે અંગેની ડેન્સીટીની તપાસણી થવા સીઝ કર્યા હતા.

અમરેલી એલસીબી એએસઆઈ કનાભાઈ અરજણભાઈ સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

## જાફરાબાદમાં તપોવન ટેકરી ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ થયો

જાફરાબાદ, તા.૨૬

જાફરાબાદના મીતીયાળા નજીક આવેલ તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞની પોથીયાત્રા મીતીયાળા ગામથી વાજતે ગાજતે તપોવન ટેકરી ખાતે કથા મંડપમાં લાવવામાં આવી હતી. જેમાં અસંખ્ય ભક્તો પોથીયાત્રામાં જોડાયા હતા. આ પાવનકારી મંગલમય કથાનું રસપાન વક્તા શાસ્ત્રી કૌશિકભાઈ ભટ્ટ (રાણસિકી વાળા) દ્વારા કરાવવામાં



આવી રહ્યું છે. તપોવન ટેકરી તપસ્વી આશ્રમ ખાતે દર વર્ષે રામકથા, દેવી ભાગવત, શ્રીમદ ભાગવતનું આયોજન કરવામાં આવે છે તે જ રીતે આ વર્ષે પણ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ રાત્રે કથા મંડપમાં શ્રી રામધૂન, સત્સંગ અને ભજન કીર્તન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## મોટા મુંજીયાસર ગામે વેપારીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

બગસરા, તા.૨૬

બગસરાનું મોટા મુંજીયાસર ગામ ફરી એક વખત ચર્ચામાં આવ્યું હતું. ગામની સ્કૂલના ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં ચરકા પાડી દેવામાં આવ્યા હોવાની ઘટના તાજી છે ત્યાં એક વેપારીને જાહેરમાં ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે મોટા મુંજીયાસર ગામે રહેતા ગોવિંદભાઈ જાદવભાઈ સોલંકી (ઉ.વ.૫૫)એ જાદવભાઈ શામજીભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમને લોખંડના કબાટ તથા બારી-બારણા બનાવવાનું કારખાનું છે. જે તહોમતદારને ગમતુ નહોતું. આ વાતનું મનદુઃખ રાખી બપોરના આશરે ચારેક વાગ્યે તેઓ તેના ગામમાં દુકાને હતા તે વખતે માથાના ઉપરના ભાગે હોકીનો એક ઘા મારી ફુટ કરી ઈજા કરી હતી. તેમજ બીજો ઘા મારવા જતા તેમણે હોકી પકડી લેતા જાહેરમાં બિભત્સ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## શ્રી બ્રાન્ચ શાળા નંબર - ૭ શિવાજી નગર સા.કુંડલામાં ધોરણ-૮નો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા તા. ૨૬

સાવરકુંડલા ખાતે આવેલ શાળા નંબર - ૭ માં ધોરણ આઠનો વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે દરેક બાળકોએ ખૂબ સરસ કાર્યક્રમ રજૂ કર્યો હતો. દરેક બાળકોને દાતા દ્વારા ભેટ અને રોકડ રકમ પણ આપવામાં આવી હતી. વિદાય લેતા બાળકોને ભવિષ્યમાં આગળ વધો અને વધારે શિક્ષણ મેળવો તેવો



શુભ સંદેશ શાળાના આચાર્ય ભાવેશભાઈ બોરીસાગરના માર્ગદર્શન દ્વારા પાઠવવામાં આવ્યો હતો. આ તકે સાવરકુંડલા નગરપાલિકાના ઉપ પ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, અજયભાઈ ખુમાણ, અનિરુધ્ધસિંહ તથા કાંત્રોડી આશ્રમનાં ધોમ ગિરિ બાપુ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ તેરસ
તા.૨૭-૦૩-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૬:૧૭,
સૂર્યાસ્ત-૦૬:૩૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૩-૨૦૨૫ ગુરૂવાર

મેષઃ આજે વેપારના ક્ષેત્રમાં તમને ફાયદો થવાથી આનંદ થશે. આર્થિક સ્થિતિ પહેલા કરતા વધુ મજબૂત બનશે. વ્યવસાયમાં પરિવર્તનનું આયોજન છે.

વૃષભઃ વૈવાહિક જીવન આનંદપ્રદ રહેશે. આજે નજીક અને દૂરની મુસાફરી પણ થઈ શકે છે. ધંધામાં વધતી પ્રગતિ આનંદકારક રહેશે.

મિથુનઃ બીજાની મદદ કરવાથી તમને સારું લાગશે તેથી આજે તમારો દિવસ પરોપકારીમાં વિતાવશો. ક્ષેત્રમાં પણ તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે.

કર્કઃ આજે તમારી આર્થિક બાજુ મજબૂત બનશે. સંપત્તિ, સન્માન, ખ્યાતિ વધશે. અટકેલા કામ પુરા થશે. પ્રિયજનો સાથે મળવાનું થશે.

સિંહઃ પરિવાર સાથે આજનો દિવસ આનંદદાયક રહેશે. સદભાગ્યે તમને બપોર સુધીમાં આનંદકારક સારા સમાચાર પણ મળશે.

કન્યાઃ આજે ઘરની ઉપયોગિતાઓ પર પૈસા ખર્ચ થશે. ગૌણ કર્મચારી અથવા સંબંધીના કારણે તાણ વધી શકે છે. વ્યવહારમાં સાવચેત રહો પૈસા ફસાઈ શકે છે.

તુલાઃ પિતાના આશીર્વાદથી અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

વૃશ્ચિકઃ આજે ઉદ્યોગમાં તત્પરતાનો લાભ મળશે. પરિવાર તરફથી કૌટુંબિક સુખ પ્રાપ્ત થશે. આજે રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપશો.

ધનઃ આજે મોટી માત્રામાં પૈસાની અચાનક પ્રાપ્તિ આર્થિક સ્થિતિને મજબૂત બનાવશે. વ્યવસાયિક યોજનાઓમાં વેગ મળશે. તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે.

મકરઃ આજે શરીરમાં અચાનક દુઃખાવાને લીધે કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે મિલકતની તમામ કાનૂની બાબતોનો વિચાર કરો.

કુંભઃ રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો. અટકેલા કામ પણ પૂર્ણ થશે.

મીનઃ આજે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે, વાણી તમને વિશેષ માન આપશે.

## રાજુલાના જુની માંડરડી પ્રાથમિક શાળામાં સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૨૬

રાજુલાના જુની માંડરડી પ્રાથમિક શાળામાં સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજાયો હતો. એડોલેશન હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત કિશોર કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૦ થી ૧૯ વર્ષના બાળકોને શૈક્ષણિક કીટ જેમાં બે પેન્સિલ, રબર, ઈરેઝર, કલરબોક્સ પેન સ્કેલ, પાઉચ, વ્હાઈટનર વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત



તસવીર : ગોપાલ રાઠોડ

બાળકોને એડોલેશન અંતર્ગતનું આરોગ્ય શિક્ષણ અને આરોગ્ય સેવા જિલ્લા અધિક્ષક સીડીએચઓ, જિલ્લા કવોલેટી એશ્યોરન્સ ડોકટર જાટ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર ડોકટર એ.વી.કલસરિયા તથા વાવેરા મેડિકલ ઓફિસર રાહુલ ભૂતના માર્ગદર્શન હેઠળ આરોગ્ય ટીમ વડલી દ્વારા આપવામાં આવી હતી. પિયર એજ્યુકેટેડ સાથીયા આરોગ્ય એમ્બેસેડરને પાણીની બોટલ, ટીશર્ટ, કેપ, ડાયરી આપવામાં આવી હતી તેમજ એડોલેશન હેલ્થનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો તથા ૨૪ માર્ચે ઉજવાતા રાષ્ટ્રીય ટીબી દિવસની માહિતી આપી હતી.

## અમરેલીમાં યુવકના મોત બાદ વ્યાજખોર સામે ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા.૨૬

અમરેલીમાં રહેતા એક યુવકે વ્યાજે રૂપિયા લીધા હતા. વ્યાજ ચૂકવી ન શકતા વ્યાજખોરના ત્રાસથી કંટાળી ઝેરી દવા પીધી હતી. જેના કારણે તેનું મોત થયું હતું. બનાવ અંગે કિશોરભાઈ નારણભાઈ સંચાણીયા (ઉ.વ.૬૩)એ જયેશભાઈ પડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ મૃતકને ગેરકાયદેસર રીતે વગર લાયસન્સે રૂ.૩૫,૦૦૦ પાંચ ટકા લેખે ઉંચા વ્યાજે આપ્યા હતા. જે નાણાં ચુકવી ન શકતા આરોપીએ તેમની દુકાન પર બળજબરીપૂર્વક કબજો કર્યો હતો. જેથી તેઓ ઝેરી ટીકડા પી' જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારીના મોણવેલ ગામે પત્ની રીસામણે જતાં પતિએ ઝેરી દવા પીધી

ધારી, તા.૨૬

ધારીના મોણવેલ ગામે પત્ની રિસામણે જતાં પતિએ ઝેરી દવા પીધી હતી. બનાવ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, વિપુલભાઈ માધાભાઈ વાળા (ઉ.વ.૩૬)ના પત્ની છેલ્લા દસેક દિવસથી પિયર રીસામણે જતા રહ્યા હતા. જે અંગે સારું નહોતું લાગ્યું અને મનોમન લાગી આવતા પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો હતો.

## અમરેલીમાંથી દેશી દારૂ ગાળવાની બે ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૨૬

અમરેલીમાં સુળીયાટીંબા કુંકાવાવ જકાતનાકા વિસ્તારમાંથી દેશી દારૂ ગાળવાની બે ભઠ્ઠી ઝડપાઈ હતી. બંને સ્થળેથી મળી દેશી દારૂ બનાવવાનો ૧૩૦ લીટર વોશ, ૫૫ લીટર દેશી દારૂ સહિત વિવિધ સાધનો જપ્ત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લામાંથી સાત ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. આ સિવાય પાંચ ઈસમો કેફી પીણું પીને વાહન ચલાવતા ઝડપાયા હતા.

## સાવરકુંડલામાં શહીદ દિને રક્તદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૨૬

શહિદ દિવસ નિમિત્તે ૨૩ માર્ચ ૨૦૨૫ રવિવારના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી પટેલ વાડી શિવાજીનગર સાવરકુંડલા ખાતે મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૭૮ યુનિટ એકત્ર કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં વસતા શ્રી ધર્મકુલ આશ્રિત લાખો અનુયાયી ભક્તોનું આસ્થારૂપ પવિત્ર શાસ્ત્ર કે જે ભગવાન શ્રી સ્વામિનારાયણે



સ્વયં રચી પોતાનું વાંગ્મય સ્વરૂપ ગણાવ્યુ છે તે એટલે 'શ્રી શિક્ષાપત્રી' તેમજ ધોલેરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા 'શ્રી મદનમોહનજી મહારાજ' તથા સંપ્રદાયના ત્યાગી-ગૃહીના ગુરૂપદે સ્થાપીત 'આચાર્ય પદ' ના '૨૦૦'મું વર્ષ ચાલી રહ્યું છે, ત્યારે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણદેવ પિઠાધીશ્વર પ.પૂ.સ.ધ.ધુ. શ્રી ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના તથા ભાવિઆચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશિર્વાદ સહ આજ્ઞાથી, દેશ-વિદેશમાં વસતા ભકતો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ/અનુષ્ઠાન કરી 'શ્રી ભક્તિ પર્વ' ઉજવાય છે. આ ઉપરાંત માનવસેવાલક્ષી કાર્યોના ભાગરૂપે તા. ૨૩/૦૩/૨૦૨૫ને રવિવારના રોજ 'મહારક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેલ અને રક્તદાન કર્યું હતું.

તંત્રી લેખ

# હીરાની ચમક ઝાંખી પડવા નહીં દેવાય

વિશ્વભરમાં સુરતના હીરાનો ઝગમગાટ માની ન શકાય તેટલો હતો. એમ કહેવામાં આવતું કે વિશ્વમાં જે હીરા ઘસાઈ રહયા છે તેમાંના મોટાભાગના સુરતના રત્નકલાકારોએ તૈયાર કરેલા હોય છે. સુરતના હીરા ઉદ્યોગ થકી માત્ર સુરત જ નહીં પરંતુ ભાવનગર, અમરેલી જિલ્લા જેવા સેન્ટરમાં પણ હીરા ઉદ્યોગનો જબરજસ્ત વિકાસ થયો. હીરાની ચમક જેવી તેવી નહોતી. પરંતુ હવે સમય બદલાયો છે. હીરાની ચમક ઝાંખી પડી રહી છે. વિશ્વના છ દેશોમાં ચાલી રહેલા યુદ્ધ તથા અન્ય આંતરરાષ્ટ્રીય પરિબળોને કારણે હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ છે. આના કારણે માત્ર એક વર્ષમાં ૫૦થી વધુ રત્નકલાકારોએ આત્મહત્યા કરી છે. જે સૌ કોઈ માટે દુઃખદ ઘટના છે. આના માટે સુરતના ઉદ્યોગપતિઓ લાચાર બનેલા રત્નકલાકારોની વહારે આવ્યા છે. પરંતુ હીરા ઉદ્યોગમાં મંદીને લઈને સરકાર દ્વારા યોગ્ય પગલાં લેવામાં ન આવતા આગામી ૩૦ માર્ચના રોજ હડતાલ પાડવા માટેનું એલાન સુરત ડાયમંડ વર્કર યુનિયન દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. પરંતુ આ અંગે પોઝિટિવ વલણ ઉદ્યોગપતિઓ તથા સરકાર દ્વારા દેખાડવામાં આવ્યું છે. છેલ્લા અઢી વર્ષથી ડાયમંડ ઉદ્યોગમાં મંદી ફેલાયેલી છે જેને લઈને રત્નકલાકારોની આર્થિક સ્થિતિ કથળી છે. સુરત ડાયમંડ વર્કર યુનિયનના કહેવા પ્રમાણે એક વર્ષમાં ૫૦થી વધારે રત્નકલાકારોએ આત્મહત્યા કરી છે. તેમ છતાં હજી સુધી સરકાર દ્વારા કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા નથી. થોડા દિવસ પહેલા ડાયમંડ વર્કર યુનિયન દ્વારા હડતાલ પાડવાનું એલાન કરવામાં આવ્યું હતું. જેને લઈને બીજા દિવસે ઓલ ગુજરાત ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારોએ ગુજરાતના માનનીય સીએમ ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે મિટિંગ કરી હતી. જેમાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું કે આ બાબતે સરકાર દ્વારા એક્શન પ્લાન બનાવવામાં આવશે. ગુજરાતના ગૌરવરૂપ હીરા ઉદ્યોગ માટે સરકાર જાગૃત છે. હીરાની ચમક ઝાંખી પડવા નહીં દેવાય તેવી હૈયાધરણ આપી છે. બીજી બાજુ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા ગુજરાતના ઉદ્યોગપતિઓ અને સુરતના સમાજે લોકોને કરોડો રૂપિયાની મદદ કરી છે જેમ કે બેટી બચાવો બેટી પઢાવો વખતે ૨૦૦ કરોડ રૂપિયા હીરા ઉદ્યોગના અગ્રણીઓએ આપેલા, પાણી બચાવો, કૂવા તથા તળાવ ઊંડા કરવા વગેરે કાર્યો માટે અમરેલીના એક ઉદ્યોગપતિએ એટલું મોટું કાર્ય કર્યું હતું કે તેમને રાષ્ટ્રપતિ ચંદ્રક આપવામાં આવેલો. આ ઉપરાંત નર્મદા યોજના વખતે પણ હીરા ઉદ્યોગે ખૂબ જ સહકાર આપ્યો છે, ત્યારે એના ઉદ્યોગકારો એના પાયામાં રહેલા કારીગરોને આજે મંદીના લીધે આત્મહત્યા કરવી પડે તો એનાથી વ્યથીત છે. ગુજરાત સરકારે આ લોકો માટે હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા મજૂરો, કારીગરો, વેપારીઓ માટે રાહત યોજના શરૂ કરવી જોઈએ એવી લોકોની માંગ છે. ગુજરાત જ્યારે આખા દેશમાં મોડેલ છે ત્યારે ગુજરાતનો આ એક મહત્વનો હીરા ઉદ્યોગ છે. ગુજરાત સરકાર આ મંદીમાં સપડાયેલા રત્નકલાકારોને બચાવવા માટે સ્થાનિક ઉદ્યોગપતિઓની સહાયથી કોઈ એવી યોજના જાહેર કરે કે જેને કારણે સુરત કે ભાવનગરના એક પણ રત્નકલાકાર આત્મહત્યા ન કરે તે વસ્તુ આજે મહત્વની છે. આપણા સન્માનનીય મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ બાબતમાં સંવેદનશીલ છે.

# પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ આપવું અતિ જરૂરી



પ્રાસંગિક
સુરેશ

ઘણા લાંબા સમયથી એક મોટો વિવાદ ચાલી રહ્યો છે કે નાના બાળકોને સૌપ્રથમ માતૃભાષામાં શિક્ષણ આપવું કે પછી અંગ્રેજીમાં આપવું. યુનેસ્કોની ગ્લોબલ એજ્યુકેશન મોનિટરિંગ (GEM) ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલો અભ્યાસ એવો નિર્દેશ કરે છે કે વિશ્વની ૪૦ ટકા વસ્તીને તેઓ જે ભાષા જાણે છે કે બોલે છે તે ભાષામાં શિક્ષણ મળતું નથી. મોટાભાગનાં દેશો સારી રીતે જાણે છે કે માતૃભાષા લોકોમાં સમજણ વિકસાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે આમ છતાં નીતિ વિષયક નિર્ણયો અને શિક્ષણમાં તેને મહત્વ આપવામાં આવતું નથી. જો કે ભાષાકીય શિક્ષણનાં પ્રચાર અને પ્રસારમાં શિક્ષકોની મર્યાદિત ક્ષમતા જેવા અનેક પડકારો રહેલા છે. કેટલાક સંજોગોમાં માતૃભાષામાં શિક્ષણ માટેનું મટીરિયલ સમયસર મળતું નથી. ક્યાંક લોકોનો સામૂહિક વિરોધ અવરોધક બને છે. કેટલાક નાના અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં ૯૦ ટકા લોકોને તેમની માતૃભાષામાં શિક્ષણ મળતું નથી. આંતરરાષ્ટ્રીય ટીમના અધિકારીઓએ જણાવ્યું હતું કે આને કારણે એક અબજથી વધુ વિદ્યાર્થીઓ પ્રભાવિત થયા છે. તેણે મોટાભાગનાં દેશોને બહુભાષી શિક્ષણ નીતિ ઘડવા અને તેને લાગૂ કરવા માટે ભલામણ કરી હતી. તમામ વિદ્યાર્થીઓને લાભ થાય તેવી શિક્ષણ નીતિ બનાવવા તરફેણ કરવામાં આવી હતી. નીતિવિષયક નિર્ણયો અને શિક્ષણમાં ભાષાકીય શિક્ષણને મહત્ત્વ આપવામાં આવતું નથી. વિશ્વની ૪૦ ટકા વસ્તીને તેઓ જે ભાષા જાણે છે તેમાં શિક્ષણ મળતું નથી એમ યુનેસ્કોનો અહેવાલ જણાવે છે. ભાષાકીય શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં શિક્ષકોની મર્યાદિત ક્ષમતા જેવા અનેક પડકારો રહેલા છે, કેટલાક સંજોગોમાં માતૃભાષામાં શિક્ષણ માટેનું મટીરિયલ સમયસર મળતું નથી, ક્યાંક સામૂહિક વિરોધને કારણે ૩૧ મિલિયન યુવાનોએ શિક્ષણમાં ભાષાકીય અવરોધોનો અનુભવ કર્યો છે. જેમાં ટીમ દ્વારા લેન્ગવેજ મેટર્સ અને ગ્લોબલ ગાઈડન્સ ઓન મલ્ટીલિન્ગ્યુઅલ એજ્યુકેશન મુખ્ય છે. આ રિપોર્ટમાં જણાવાયું હતું કે, જેમ જેમ ભાષાની વિવિધતા વધી રહી છે અને વૈશ્વિક વાસ્તવિકતા ઊભરી રહી છે તેમાં વિવિધ ભાષાનાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે. ૩૧ મિલિયન યુવાનોને શિક્ષણમાં ભાષાકીય અવરોધો વધી રહ્યા છે. ભારતમાં નવી શિક્ષણ નીતિનો રિપોર્ટ પણ આ બાબતમાં આધુનિકતા લાવવા માંગે છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતમાં નવી શિક્ષણ નીતિનો અમલ કરાઈ રહ્યો છે આ રિપોર્ટ NEPમાં 4 ના નામથી જાણીતો જેમાં બહુભાષીય શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે. જો કે ત્રિભાષિય શિક્ષણનીતિનો કેટલાક રાજ્યો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સમૃદ્ધ દેશોમાં ક્લાસરૂમમાં નવી નવી ભાષાઓ આવતી રહી છે. જેને કારણે ભાષાકીય વૈવિધ્ય વધારે સમૃદ્ધ થયું છે. જો કે સૂચનો કરવામાં તેમજ સમીક્ષા કરવામાં તેને કારણે પડકારો સર્જાયા છે. ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP ૨૦૨૦) એ ભારત સરકાર દ્વારા ૨૯ જુલાઈ ૨૦૨૦ ના રોજ મંજૂર કરવામાં આવેલી એક વ્યાપક માર્ગદર્શક માળખું છે. આ નીતિનો હેતુ ભારતમાં શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો અને તેને ૨૧મી સદીની જરૂરિયાતો અનુસાર બનાવવાનો છે. અહીં ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ની કેટલીક મુખ્ય વિશેષતાઓ પણ અતિ મહત્વની છે. જેમાં માળખાકીય ફેરફારો કરવામાં આવી રહ્યા છે જેમ કે ૧૦+૨ ના હાલના માળખાને બદલીને ૫+૩+૩+૪ નું નવું માળખું લાગુ કરવામાં આવશે. આ માળખું પાયાના વર્ષો, પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ, પ્રારંભિક શાળા, મધ્યમ શાળા અને માધ્યમિક શાળા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણને પ્રણાલીનો અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો છે. ૩ થી ૬ વર્ષની વયના બાળકો માટે ગુણવત્તાયુક્ત અધ્યાપન ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનઃ વર્ષ ૨૦૨૫ સુધીમાં દરેક બાળક પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. શક્ય હોય ત્યાં સુધી, ધોરણ ૫ સુધી અને પ્રાધાન્યમાં ધોરણ ૮ સુધી, બાળકોને તેમની માતૃભાષા/સ્થાનિક ભાષામાં શિક્ષણ આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. અભ્યાસક્રમમાં વ્યાવસાયિક અને કૌશલ્ય આધારિત શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉચ્ચ શિક્ષણમાં પણ અનેક ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં મલ્ટિડિસિપ્લિનરી અભિગમ, સંશોધન પર ભાર અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની સ્વાયત્તતાનો સમાવેશ થાય છે. શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ નીતિનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને જ્ઞાન, કૌશલ્ય અને મૂલ્યોથી સજ્જ કરવાનો છે, જેથી તેઓ ૨૧મી સદીના પડકારોનો સામનો કરી શકે અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપી શકે. આ ઉપરાંત શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે થઈ શકે? તે અંગે પણ વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ વિવિધ રીતે થઈ શકે છે, જે શિક્ષણને વધુ અસરકારક, આકર્ષક અને સુલભ બનાવી શકે છે. અહીં કેટલીક રીતો આપી છે. ઓનલાઈન પ્લેટફોર્મ અને એપ્લિકેશનોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ ગમે ત્યાં અને ગમે ત્યારે શીખી શકે છે. ઓનલાઈન અભ્યાસક્રમો, વીડિયો લેક્ચર્સ અને ઈ-પુસ્તકોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ પોતાની ગતિએ શીખી શકે છે. ડિજિટલ પાઠ્યપુસ્તકો, ઈન્ટરેક્ટિવ વ્યાયામો અને મલ્ટીમીડિયા પ્રસ્તુતિઓનો ઉપયોગ કરીને, શિક્ષણને વધુ આકર્ષક બનાવી શકાય છે. વિદ્યાર્થીઓ વર્ચ્યુઅલ પ્રયોગશાળાઓ અને સિમ્યુલેશનનો ઉપયોગ કરીને પ્રાયોગિક જ્ઞાન મેળવી શકે છે. ટેકનોલોજીનો ઉપયોગ કરીને, દરેક વિદ્યાર્થીની જરૂરિયાતો અનુસાર શિક્ષણને વ્યક્તિગત બનાવી શકાય છે. અનુકૂલનશીલ શિક્ષણ સૉફ્ટવેર અને AI-સંચાલિત સાધનોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ તેમની પોતાની ગતિએ અને તેમની પોતાની રીતે શીખી શકે છે. ઓનલાઈન ચર્ચા મંચો અને સહયોગી સાધનોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ એકબીજા સાથે સહયોગ કરી શકે છે અને વિચારોની આપ-લે કરી શકે છે. વીડિયો કોન્ફરન્સિંગ અને ઈન્સ્ટન્ટ મેસેજિંગનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓ શિક્ષકો અને અન્ય વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી શકે છે. ઓનલાઈન ક્વિઝ અને પરીક્ષણોનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરી શકાય છે. ત્વરિત પ્રતિસાદ અને વિગતવાર વિશ્લેષણનો ઉપયોગ કરીને, વિદ્યાર્થીઓને તેમની નબળાઈઓ અને શક્તિઓ વિશે માહિતગાર કરી શકાય છે. શિક્ષકો તેમના પાઠોને વધુ અસરકારક બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને વધુ સારી રીતે શીખવવા માટે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરી શકે છે. ટેકનોલોજીની મદદથી, વિકલાંગ વિદ્યાર્થીઓ પણ સામાન્ય વિદ્યાર્થીઓની જેમ જ શિક્ષણ મેળવી શકે છે. દૂરના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે પણ ટેકનોલોજીની મદદથી શિક્ષણને સુલભ બનાવી શકે છે. ટેકનોલોજીનો ઉપયોગ શિક્ષણને વધુ અસરકારક, આકર્ષક અને સુલભ બનાવી શકે છે. જો કે, ટેકનોલોજીનો યોગ્ય રીતે ઉપયોગ કરવો અને વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવું મહત્વપૂર્ણ છે.

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૯૦૦ |
| લીંબુ | ૧૪૦૦ | ૨૬૦૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૧૨૦ | ૩૪૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૯૦ |
| ટમેટા | ૧૬૦ | ૩૦૦ |
| સુરણ | ૭૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૨૫૦ | ૫૦૦ |
| સકરીયા | ૪૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૩૫૦ | ૬૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૨૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૪૦૦ | ૭૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૫૦ | ૪૨૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૫૦ | ૧૨૫૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૦૦ |
| વટાણા | ૮૫૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૨૦ | ૩૩૦ |
| મેથી | ૧૦૦ | ૨૫૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૭૦ |
| આદુ | ૯૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૮૦ | ૧૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શકકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટામેટા | ૧૩૦ | ૧૬૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળાલીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૩૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૩૪૦ | ૫૦૦ |
| બીટ | ૧૬૦ | ૨૩૦ |
| સરગવો | ૧૦૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૨૧૦ | ૩૧૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૬૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦ | ૧૬૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૪૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૬૦ | ૩૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૧૨૦ | ૨૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| શક્કરીયા | ૨૨૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૩ |
| તાંજરીયા પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ચુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૪૦ |
| વાલોર | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૮૦ |
| લસણ પુરા | ૧૮ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૩ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૭૬ | ૧૪૧૬ |
| કપાસ સી ગ્રેડ | ૬૯૦ | ૮૨૫ |
| ચણા | ૯૪૪ | ૯૪૪ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૨૦ | ૧૦૦૦ | ૧૦૮૫ |
| મગફળી ૩૨ નં. | ૯૭૫ | ૧૦૪૧ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૮૧ |
| ઘઉં | ૪૫૧ | ૫૪૪ |
| રાઈ | ૯૮૦ | ૧૦૪૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૪૫ |
| મેથી | ૭૦૦ | ૧૦૩૦ |
| જુવાર | ૪૦૦ | ૯૫૮ |
| એરડી | ૯૫૦ | ૧૧૯૯ |
| ચણા | ૯૨૫ | ૧૦૨૭ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૩૨ |
| કપાસ | ૧૩૪૬ | ૧૪૨૩ |
| કાંગ | ૪૫૦ | ૫૩૪ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૫૦ | ૧૦૨૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| તલ પીળા | ૧૯૫૧ | ૨૧૦૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| બાજરો | ૪૨૫ | ૬૨૭ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૧૦ |
| જુવાર | ૬૫૦ | ૯૭૧ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| મગ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| તુવેર | ૧૨૩૬ | ૧૩૨૬ |
| ચણા | ૯૯૦ | ૧૦૩૨ |
| જીરૂ | ૪૧૭૦ | ૪૧૭૦ |
| રાય | ૯૫૦ | ૧૧૧૨ |
| ધાણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| મેથી | ૭૦૦ | ૧૦૯૧ |
| સોયાબીન | ૭૩૫ | ૭૩૫ |
| એરડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૨૭ | ૧૦૮૯ |
| શીંગ ૩૨ | ૯૫૦ | ૧૦૫૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૦ | ૧૦૯૧ |
| એરંડા | ૯૯૦ | ૧૨૩૫ |
| બાજરી | ૪૨૧ | ૬૭૫ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૮૧ |
| અડદ | ૮૦૮ | ૧૬૬૫ |
| મગ | ૧૪૦૦ | ૧૯૦૧ |
| ધાણા | ૯૯૦ | ૧૯૯૯ |
| મેથી | ૫૭૦ | ૯૮૫ |
| ચણા નં.૩ | ૯૪૮ | ૧૦૨૭ |
| ચણા દેશી | ૯૦૦ | ૧૧૨૪ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૦૩ |
| તલ પુરબીયા | ૧૬૫૦ | ૨૨૦૦ |
| તુવેર | ૭૪૫ | ૧૩૮૨ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૦૧ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૩૦૫ |
| ડુંગળી સફેદ | ૧૪૧ | ૨૪૦ |
| નાળીયેર | ૫૪૨ | ૨૬૦૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ :
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
૨૫થી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

# સેન્સેક્સ ૭૨૯ અને નિફ્ટી-૫૦ ૧૮૨ પોઈન્ટના ઘટાડા સાથે બંધ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬

ભારતીય શેરબજારમાં ગયા અઠવાડિયે જોવા મળેલી તેજી આજે વિરામ પામી છે. ગયા સપ્તાહમાં શાનદાર રિકવરી પછી, આ સપ્તાહના પહેલા દિવસે સોમવારે બજાર સારા વધારા સાથે બંધ થયું હતું. જે પછી મંગળવારે બજાર સંપૂર્ણપણે સપાટ બંધ થયું પરંતુ મોટાભાગના શેરમાં ઘટાડો નોંધાયો. બુધવારે, અઠવાડિયાના ત્રીજા દિવસે, ભારતીય શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયા. બુધવારે, બીએસઈ સેન્સેક્સ ૭૨૮.૬૯ પોઈન્ટ ઘટીને ૭૭,૨૮૮.૫૦ પર બંધ થયો હતો. બીજી તરફ,એનએસઈનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૧૮૧.૮૦ પોઈન્ટના ભારે ઘટાડા સાથે ૨૩,૪૮૬.૮૫ પર બંધ થયો હતો. તમને જણાવી દઈએ કે બુધવારે ભારતીય શેરબજારની શરૂઆત ફ્લેટ રહી હતી, જે લગભગ ૧૧ વાગ્યા સુધી આ રીતે ચાલુ રહી. પરંતુ સવારે ૧૧ વાગ્યા પછી બજારમાં વેચવાલી ઝડપથી વધવા લાગી, જેના કારણે બજારમાં ઘટાડો થવા લાગ્યો. કારોબાર દરમિયાન, સેન્સેક્સ ૭૮,૧૬૭.૮૭ પોઈન્ટના ઈન્ટ્રાડે ઉચ્ચતમ સ્તર અને ૭૭,૧૯૪.૨૨ પોઈન્ટના ઈન્ટ્રાડે નીચલા સ્તર પર પહોંચ્યો હતો. એ જ રીતે, નિફ્ટી ૫૦ પણ ૨૩,૭૩૬.૫૦ પોઈન્ટના ઈન્ટ્રાડે ઉચ્ચ સ્તરથી ૨૩,૪૫૧.૭૦ પોઈન્ટના ઈન્ટ્રાડે નીચલા સ્તર પર પહોંચ્યો હતો.

# EPFOના સભ્યો હવે UPI અને ATM દ્વારા PFના રૂપિયા ઉપાડી શકશે

મુંબઈ,તા.૨૬




EPFO સભ્યો હવે UPI અને ATM દ્વારા PFના રૂપિયા ઉપાડી શકશે. તેની લિમિટ એક લાખ રૂપિયા સુધીની રહેશે. આ સુવિધા આ વર્ષે મે મહિનાના અંત સુધીમાં અથવા જૂનની શરૂઆતમાં શરૂ થવાની ધારણા છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ સુમિતા ડાવરાએ બુધવારે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે આ માટે કર્મચારીઓને ડેબિટ કાર્ડની જેમ EPFO વિડ્રોલ કાર્ડ આપવામાં આવશે. આનાથી તેઓ ATMમાંથી તાત્કાલિક રૂપિયા ઉપાડી શકશે અથવા તેમના UPI એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરી શકશે. આની મદદથી, તેઓ તેમના પીએફ બેલેન્સ પણ ચકાસી શકશે. હાલમાં, ઓનલાઈન ક્લેમ સબમિટ કર્યા પછી, EPFO સભ્યોને દાવો મંજૂર થવામાં ૨ અઠવાડિયા જેટલો સમય લાગે છે.

## શબ્દ સંજોગ-૧૯૭૨



**આડી ચાવી :**
(૧) ભગવાન શ્રી કૃષ્ણનું એક નામ (૫)
(૪) તમે.....લઈને ઓફિસ જાવ છો? (૩)
(૬) કયારેક ભગવાનનું..... પણ કરવુ જોઈએ (૩)
(૯) અમિતાભ-અભિષેકની એક ફિલ્મ (૧)
(૧૦) એક હિંસક પ્રાણી (૨)
(૧૧) ભાગી જાય એવુ (૩)
(૧૩) સૌરાષ્ટ્રમાં આવેલુ એક તીર્થધામ (૪)
(૧૪) પોપટ (૨)
(૧૬) ફિલ્મમાં.....નાયક પણ હોય (૨)
(૧૮) ...હેતુ, કારણ (૩)
(૧૯) ...જગ્યા પૂરો (૨)
(૨૦) નાત જમાડવી તે (૨)
(૨૧) આંખની કીકી (૩)
(૨૨) મનાઈ (૨)
(૨૩) એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
(૨૫) .....તેવી બરકત (૪)
(૨૬) એક પ્રાચીન સંગીતકાર (૪)
(૨૭) પાસે, નજીક (૨)

**ઉભી ચાવી :**
(૧) બ્રહ્માના ૧૪ પુત્રમાંના દરેક (૨)
(૨) .....ન હોય તો જીવન જ ન હોય (૨)
(૩) ગગન, આકાશ (૨)
(૪) રંગ, વર્ણ (૨)
(૫) રાજીવ ગાંધી એ ...પરિવારના હતા (૩)
(૭) જન્મ આપનારી માતા (૩)
(૮) એક ઋષિ (૨)
(૧૦) સોના કે ચાંદીનું સાવ પાતળુ પડ (૩)
(૧૧) તૂટવુ કે ભાંગી પડવુ તે (૨)
(૧૨) પોતાની પ્રેમિકાનો બીજો આશિક (૩)
(૧૫) લખેલુ ભૂંસવા માટે વપરાય (૩)
(૧૭) રૂપાળી સ્ત્રી (૩)
(૧૮) કમળ (૩)
(૧૯) સારા ઘરનું, કુળવાન (૪)
(૨૦) ઓકવું તે, ઉલટી (૩)
(૨૨) દમના રોગનો એક પ્રકાર (આડુ-અવળુ) (૩)
(૨૪) એક જાણીતા ગાયિકા (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૧ જવાબ

**આડી ચાવીઃ** (૧) ઈન્દ્ર (૩) માતબર (૫) ભાનુપ્રિયા (૭) કાફલો (૯) કફન (૧૨) તર્ક (૧૩) અકરામ (૧૬) સાદો (૧૭) મસ (૧૯) બરી (૨૦) ભાવ (૨૨) પીરોજ (૨૩) રઈસ (૨૪) નૂર (૨૫) યોગ.

**ઉભી ચાવીઃ** (૧) ઈષિકા (૨) ભાનુ (૩) માયા (૪) બરફ (૫) ભાલો (૬) પ્રિન્ટ (૮) ફલક (૯) કર્ક (૧૦) નદી (૧૧) રામ (૧૨) તગાદો (૧૩) અકબર (૧૪) રાસ (૧૫) વામ (૧૬) સાવજ (૧૮) સભાસદ (૨૦) ભારો (૨૧) મારગ (૨૨) પીર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સાવરકુંડલાની સરકારી હોસ્પિટલના આધુનિકીકરણ માટે સરકારે ૫૫ કરોડ મંજૂર કર્યા

**સરકારી કે.કે. હોસ્પિટલમાં ૩૦૦ યુનિટના સ્ટોરેજવાળી બ્લડ બેન્ક ટૂંક સમયમાં કાર્યરત થશે**

સારવકુંડલા, તા.૨૬

સાવરકુંડલાની સરકારી હોસ્પિટલને આધુનિક બનાવવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરકારમાં રજૂઆત કરતાં ૫૫ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે. આ હોસ્પિટલમાં ૨૦૦ બેડનો વધારો થશે તેમજ ૫૦ બેડ ક્રિટીકલ કેરના બ્લોકનું નવું બાંધકામ મજૂર કરવામાં આવેલ છે. આ સાથે આધુનિક લેબ સાથે આરોગ્યલક્ષી અદ્યતન સેવાઓ ઉપલબ્ધ થશે. સાવરકુંડલામાં જિલ્લા કક્ષાની સરકારી હોસ્પિટલમાં ૩૦૦ યુનિટ બ્લડના સ્ટોરેજ કેપેસિટીની બ્લડ બેન્ક મંજૂર થયેલ છે. જેમાં પેથોલોજીસ્ટ ડૉક્ટર અને લેબ ટેક્નિશિયન પણ હાજર છે. આ



બ્લડ બેન્ક કાર્યરત કરવા માટેના સાધનો ઉપલબ્ધ થયેલ છે, જેનું પરીક્ષણ પૂર્ણ થયેલ છે અને ટુંક સમયમાં જ આ બ્લડ બેન્ક શરૂ થશે. આ બ્લડ બેન્કથી લોહીની જરૂરિયાતવાળા દર્દીને ખૂબ જ મોટો ફાયદો થશે. આ હોસ્પિટલના આધુનિકીકરણ માટે સરકારે તા.૨૮-૨-૨૫થી તાંત્રિક મંજૂરી આપી છે. હવે આગળની પ્રક્રિયા કરાશે. આ આરોગ્યલક્ષી સેવાઓ સાવરકુંડલાને ઉપલબ્ધ થતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલનો ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આભાર વ્યક્ત કર્યો છે.

# અમરેલીના લાઠી રોડ પરના રહેણાંક વિસ્તારમાં સફાઈની સમસ્યા

**સફાઈના નામે રૂા.૬ લાખના ભ્રષ્ટાચારની આશંકા**

અમરેલી, તા.૨૬

અમરેલીમાં લાઠી રોડ પરના રહેવાસીઓ ઘણા લાંબા સમયથી સફાઈની સમસ્યા હોવાની ફરિયાદ કરી રહ્યા છે. આ રહેવાસીઓના જણાવ્યા મુજબ ધરમનગર, શિવમ રેસીડેન્સી, શ્રીજી વન-ટુ, ધરમનગર મેઈન




રોડ, નારાયણનગર, યોગીનગર, માધવનગર, પ્રમુખસ્વામી નગર, જીવરાજ પાર્ક, સદગુરુ વાટીકા, અક્ષર પાર્ક, અમૃત પાર્ક, રામેશ્વર પાર્ક, ભગવાનનગર વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી સફાઈ થતી નથી અને સફાઈ વેરો ઉઘરાવવામાં આવે છે. એક શેરી વાળવાના ૨૦૦૦ રૂપિયા સફાઈ કામદારને ચૂકવાય છે. લાઠી રોડ રેલવે ફાટકથી બાયપાસ સુધીની સોસાયટીમાં ૩૦૦ શેરી આવેલી છે જેનો હિસાબ કરીએ તો ૨૦૦૦ રૂપિયા લેખે ૬ લાખ રૂપિયાનું ખોટું બિલ બને છે. રહેવાસીઓ કહે છે કે, નગરપાલિકાના સફાઈ સુપરવાઈઝર ખોટા ફોટા પાડીને ચીફ ઓફીસરને ગેરમાર્ગે દોરવાના પ્રયત્નો કરે છે.

# વેરાવળમાં ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે મોછીમારનો જીવ બચાવ્યો

ગીર સોમનાથ તા.૨૬



દરિયામાં માછીમારને અચાનક છાતીમાં અસહ્ય દુઃખાવો થતા જહાજના કેપ્ટને ભારતીય નેવી કોસ્ટગાર્ડને અને ઈમરજન્સી સર્વિસ ૧૦૮ને ફોન કરી સમગ્ર ઘટનાથી વાકેફ કર્યા હતા. કોલરનો કોલ મળતા વેરાવળ ૧૦૮ ટીમના ઈ.એમ.ટી. ગોવિંદા ભગત અને પાયલોટ ભરત બાંભણિયા ૧૦૮ એમ્બ્યુલન્સ સાથે તરત જ ભારતીય નેવી કોસ્ટગાર્ડ ઓફિસ ખાતે પહોંચ્યા હતા. જે પછી તરત જ દર્દીને કિનારે લાવવામાં આવ્યો ત્યારે ઘણો સમય પસાર થઈ ગયો હતો. તેથી ઈ.એમ.ટી. ગોવિંદા ભગતે તાત્કાલિક પ્રાથમિક તપાસ કરી હતી.

# માછીમારોને પણ ખેડૂતોની જેમ પાંચ લાખની લોન સબસિડી આપવા માંગ

**સૈયદ રાજપરા ગ્રામ પંચાયતે આ અંગે મુખ્યમંત્રી અને મત્સ્યોદ્યોગ મંત્રીને લેખિત રજૂઆત કરી**

ગીર સોમનાથ,તા.૨૬

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા, નવાબંદર, ખડા બંદર, સિમર બંદરોના માછીમારોએ ખેડૂતોની જેમ કિસાન ક્રેડિટ કાર્ડ (KKC) હેઠળ ૫ લાખ રૂપિયાની લોન સબસિડી આપવાની માંગ કરી છે. સૈયદ રાજપરા ગ્રામ પંચાયતે આ અંગે મુખ્યમંત્રી અને મત્સ્યોદ્યોગ મંત્રીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, આ બંદરો પર આશરે ૨૦૦૦થી વધુ માછીમારીની બોટો છે. બોટમાલિકો જ્યારે લોન માટે બેંકોમાં જાય છે, ત્યારે તેમને માત્ર ૨ લાખ રૂપિયા સુધીની જ લોન પર વ્યાજ માફીનો લાભ મળે છે. ૨ લાખથી વધુની લોન પર ૧૨ ટકાના દરે વ્યાજ વસૂલવામાં આવે છે. જ્યારે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ ૫ લાખ રૂપિયા સુધીની લોન સબસિડી આપવામાં આવે છે. માછીમારો પણ છેલ્લા ૫ વર્ષથી માછીમારીમાં નુકસાન વેઠી રહ્યા છે તેથી તેઓને પણ ખેડૂતોની જેમ જ લોન સબસિડી આપવી જોઈએ. ગ્રામ પંચાયતે પોતાની રજૂઆતમાં વધુમાં જણાવ્યું છે કે, બેંકો દ્વારા માછીમારો સાથે કિસાન ક્રેડિટ કાર્ડની લોનમાં ભેદભાવ કરવામાં આવી રહ્યો છે, જે યોગ્ય નથી. આ ભેદભાવ દૂર કરીને માછીમારોને પણ ખેડૂતોની જેમ ૫ લાખ રૂપિયાની લોન સબસિડી આપવી જોઈએ.

# ઉના શહેરમાં વિકાસ કામોનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

ઉના,તા.૨૬



ઉના શહેરમાંથી પસાર થતો નેશનલ હાઈવે તથા ભૂગર્ભ ગટરનું કુલ રૂ. ૫૪.૫૦ કરોડના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય કે.સી. રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉના નગરપાલિકા અને ધારાસભ્ય કે.સી. રાઠોડના સતત પ્રયત્નોથી શહેરના મધ્યમાંથી પસાર થતો નેશનલ હાઈવે ઓથોરીટી હસ્તકનો રસ્તો હાલમાં નગરપાલિકાને સોંપવામાં આવેલ છે. આ રસ્તાનું રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે નવીનીકરણના કામોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ તકે પરેશભાઈ બાંભણીયા, દર્શનાબેન જોષી, પાલિકાના સદસ્યો, જયદેવભાઈ જે. ચૌહાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના અને ગીરગઢડાના અનુ. જાતિના લોકોનું આવેદનપત્ર : ભેદભાવ અને અત્યાચાર સામે રોષ

ઉના,તા.૨૬

ઉના તાલુકાના તથા ગીરગઢડા તાલુકાના અનુસૂચિત જાતિ સમાજના લોકોએ ભેદભાવ અને અત્યાચારના મુદ્દે આવેદનપત્ર આપ્યું છે. આવેદનપત્રમાં આઝાદીના આટલા વર્ષો પછી પણ અનુસૂચિત જાતિના લોકો પર થઈ રહેલા ભેદભાવ અને પ્રશાસન દ્વારા અપનાવવામાં આવતા ભેદભાવપૂર્ણ વલણ અંગે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. ઉના તાલુકાના


તસ્વીર : કૈલાશ ભટ્ટ

મોઠા ગામમાં બનેલી ઘટના અંગે આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, ગામના ૩૦-૩૧ અનુસૂચિત જાતિના પરિવારો છેલ્લા ૩૦ વર્ષથી સરકારી ખરાબાની જમીન પર ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પરંતુ તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ પ્રશાસન દ્વારા આ જમીન પર ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં માત્ર અનુસૂચિત જાતિના પરિવારોને જ ટાર્ગેટ કરવામાં આવ્યા હતા. આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે કે, ગામમાં સરકારી સર્વે નંબર, ગૌચર, ભાઠાની જમીન અને ગામતળની જમીન પર થયેલા તમામ દબાણોને દૂર કરવામાં આવે. ડિમોલિશન દરમિયાન અનુસૂચિત જાતિના લોકોને થયેલા નુકસાનનું સરકાર દ્વારા વળતર ચૂકવવામાં આવે.

# અમરેલી શહેરમાં રામનવમીનાં ઉત્સવને લઈને તૈયારીઓ શરૂ : વિહિપ દ્વારા કાર્યાલય ખુલ્લુ મુકાયું

અમરેલી, તા.૨૬

અમરેલી શહેરમાં રામનવમીનાં તહેવારને અનુલક્ષીને ઉત્સાહપૂર્વક તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામલલ્લાની મૂર્તિનું સ્થાપન કરીને કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું છે. અમરેલી પરશુરામ મંદિર ખાતે ખુલ્લા મુકાયેલ કાર્યાલયમાં દરરોજ સાંજે સ્વયંસેવકો તહેવારની ઉજવણીનું આયોજન કરશે. ગઈકાલે મોટી





સંખ્યામાં ભક્તજનોની હાજરીમાં જીવનમુક્તેશ્વર મહાદેવ મંદિરથી પરશુરામધામ ખાતે સંતો-મહંતો અને ભક્તજનોની હાજરીમાં અમરેલી મહિલા ખોડલધામ સમિતિની બહેનો તેમજ બાળાઓ દ્વારા ભગવાન શ્રી રામની મૂર્તિ પધરાવવામાં આવી હતી. આગામી તહેવારની ભવ્ય ઉજવણી થાય તે માટે વિવિધ સંસ્થાઓની હાજરીમાં વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખ ઈતેશભાઈ મહેતાએ માહિતી આપી હતી.

## નામ બદલાવેલ છે

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ **સુમિત અશોકભાઈ ડોડીયા** હતું જે તેમાંથી બદલાવી નવું નામ **સુમિત અશોકકુમાર ડોડીયા** રાખેલ છે હવેથી **સુમિત અશોકકુમાર ડોડીયા** નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**સુમિત અશોકકુમાર ડોડીયા**
શેરી નંબર - ૫ શિવાજી નગર
સાવરકુંડલા જી. અમરેલી ૩૬૪૫૧૫ (ગુજરાત)

## CHANGE OF NAME

I changed My Name From
THAKAR JALPABEN SUNILBHAI TO
PATEL JALPA HIMANSHUBHAI.
ADD : F-501, SHREE RANG ICON,
VASNA HADMATIYA, VAVOL,
GANDHINAGAR,
GUJ - 382016

# ચલાલા નગરપાલિકાની પ્રથમ સામાન્ય સભા: ૨૪માંથી માત્ર ૧૪ સભ્યો જ હાજર

ચલાલા,તા.૨૬

ચલાલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી બાદ, નવ નિયુક્ત પ્રમુખ નયનાબહેન વનરાજભાઈ વાળા દ્વારા બોલાવવામાં આવેલી પ્રથમ સામાન્ય સભા યોજાઈ હતી. સવારે ૧૦:૩૦ કલાકે નગરપાલિકાના મુખ્ય સભાખંડમાં આ સભા યોજાઈ હતી, સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપના કુલ ૨૪ સભ્યોમાંથી માત્ર ૧૪ સભ્યો જ હાજર રહ્યા હતા, જ્યારે ૧૦ સભ્યોની ગેરહાજરીએ લોકોમાં આશ્ચર્ય અને ચર્ચા જગાવી હતી. શહેરના લોકોમાં એવી ચર્ચા છે કે, ધારાસભ્ય દ્વારા પ્રમુખની પસંદગી તેમની અપેક્ષા મુજબ ન થતાં કેટલાક સભ્યો નારાજ થયા હતા અને તેથી જ તેઓ સભામાં ગેરહાજર રહ્યા હતા. વધુમાં, શહેરીજનોની અપેક્ષા મુજબ એજન્ડામાં શહેરના વિકાસ માટે કોઈ નવા આયોજનો કે મુદ્દાઓનો સમાવેશ ન થતાં લોકોમાં નિરાશા જોવા મળી હતી. કરોડો રૂપિયાની ગ્રાન્ટ હોવા છતાં, શહેરની સુખાકારી માટે કોઈ નક્કર ચર્ચા ન થતાં લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. જો કે, હાજર રહેલા ૧૪ સભ્યોએ વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૬ કરોડ રૂપિયાનું પુરાંતવાળું વિકાસલક્ષી બજેટ સર્વાનુમતે પસાર કર્યું હતું.

# કોડીનારના મિતીયાજમાં નવું આરોગ્ય કેન્દ્ર બનાવવા માગણી




કોડીનાર,તા.૨૬

કોડીનાર તાલુકાના મિતીયાજ ગામના લોકો છેલ્લા પાંચ વર્ષથી નવું આરોગ્ય કેન્દ્ર બનાવવા માગણી કરી રહ્યા છે. પાંચ વર્ષ પહેલાં જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ગામમાં નવું કેન્દ્ર બનાવવા માટે ૩૨ લાખ જેવી માતબર રકમ ફાળવી છે, અને તેના માટે જગ્યા પણ હોવા છતાં કયા કારણોસર હજું તેનું નિર્માણ થયું નથી તે ગામના લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગામના સામાજિક કાર્યકર લલિત વાળા, સુરપાલસિહ બારડે નવા આરોગ્ય કેન્દ્રના નિર્માણ માટે અવારનવાર તંત્રને રજૂઆત કરી છે પરંતુ કોઈ પરિણામ આવ્યું નથી.

## નામ બદલાવેલ છે

આથી હું **પટેલ જલ્પા હિમાંશુભાઈ** જાહુર કરૂ છુ કે મે મારૂ નામ **ઠાકર જલ્પાબેન સુનિલભાઈ** માંથી બદલાવીને **પટેલ જલ્પા હિમાંશુભાઈ** (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું **પટેલ જલ્પા હિમાંશુભાઈ** (નવુ) તરીકે ઓળખાઈશ.

સહી : **પટેલ જલ્પા હિમાંશુભાઈ**
એડ્રેસ : એફ-૫૦૧, શ્રીરંગ આઈકોન,
વાસણા હડમતીયા વાવોલ, પો. વાવોલ,
જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૦૧૬

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં. જન્મ નોંધણી/અરજી નં.૩૨/૨૦૨૫ — તા. ૨૪/૦૩/૨૦૨૫

અરજદારશ્રી:- ગોહિલ મોહનભાઈ વાલજીભાઈ
રહે. કોલડા તા. કુંકાવાવ જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-.... ૧. જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર **ગોહિલ હરેશભાઈ મોહનભાઈનો જન્મ તા.૧૫/૦૩/૧૯૭૭** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૨/૦૪/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## ૧૨ સીએચસીને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરાશે : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

ગાંધીનગર,તા.૨૬

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વિધાનસભા ગૃહમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાના વિવિધ પ્રશ્નો સંદર્ભે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં કુલ ૧૨ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. વર્ષ ૨૦૧૧ની વસતિ ધોરણ અને નિયત માપદંડો પ્રમાણે રાજ્યમાં P.H.C, C.H.C, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ અને ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની સંખ્યા પૂરતી છે.

## -//તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-

કેસ-નં.૪૬/૨૦૨૫

અરજદાર :- શ્રી વાઢેર સવિતાબેન વા/ઓ તુલશીભાઈ ડો/ઓ પુનાભાઈ મેપાળ
રે.ગીર ગઢડા, તા.ગીર ગઢડા

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.કાળાપાણ, તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના કાળાપાણ ગામના રહીશશ્રી વાઢેર સવિતાબેન વા/ઓ તુલશીભાઈ એ તેઓના બેન મેપાળ નિર્મળાગૌરી ઉર્ફે નીમુબેન પુનાભાઈ ની જન્મ તા. ૧૦/૦૨/૧૯૬૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં બીજી મુદત તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૫/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ– પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-કુંતાણા ગામે ખેડુત ખાતા નં-૯૩૬ ની ખેતીના માલીક શ્રી અશોકકુમાર મહાદેવભાઈ વિડજા ના સ્વતંત્ર નામે મોજે-કુંતાણા, સ.નં-૧૫૧/પૈકી ૨, ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧-૯૬-૨૭, આકાર-૧૨.૦૦ વાળી ખેતીની જમીન.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા, પંચાયત વિભાગમા, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) મા અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**સ્થળ :- લીલીયા**
**તારીખ :- ૨૬/૩/૨૦૨૫**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**ઠે.પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા,**
**જિ.અમરેલી મો.નં. ૯૮૯૮૩ ૧૩૮૯૪**

# આગામી બે વર્ષમાં ભારતનું રોડ નેટવર્ક અમેરિકા જેવું નહીં હોય, પણ વધુ સારું હશે : નીતિન ગડકરી

નવીદિલ્હી,તા.૨૬



કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મંગળવારે એક કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે આગામી બે વર્ષમાં ભારતનું માર્ગ નેટવર્ક અમેરિકા કરતા વધુ સારું થઈ જશે. તેમણે કહ્યું, મને નથી લાગતું કે રોડ સેક્ટરમાં કોઈ સમસ્યા છે. આ વર્ષે અને આવતા વર્ષે જે પરિવર્તનો આવશે તે એટલા મહત્વપૂર્ણ હશે કે પહેલા હું કહેતો હતો કે આપણું હાઈવે નેટવર્ક અમેરિકા જેવું જ હશે, પરંતુ હવે હું કહું છું કે આગામી બે વર્ષમાં આપણું હાઈવે નેટવર્ક અમેરિકા કરતાં વધુ સારું થશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારત આગામી પાંચ વર્ષમાં ઈલેક્ટ્રિક વાહનો અપનાવવા અને ઉત્પાદનમાં અમેરિકાને પાછળ છોડી દેશે. મંત્રીએ મંત્રાલયની યોજનાઓ વિશે પણ વાત કરી અને કહ્યું કે દિલ્હી, દેહરાદૂન, જયપુર અને બેંગલુરુ જેવા શહેરો વચ્ચે મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડી દેવામાં આવશે.

નીતિન ગડકરીએ કહ્યું, આ એક ખુલ્લું બજાર છે, જે પણ સક્ષમ છે તે આવી શકે છે, ઉત્પાદન કરી શકે છે અને કિંમતો પર સ્પર્ધા કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે દેશમાં પરિવહન ઉત્પાદકો કિંમતને નહીં પણ ગુણવત્તાને પ્રાથમિકતા આપે છે. તેમને વિશ્વાસ છે કે ઓટોમેકર્સ સારા વાહનો બનાવશે અને સ્પર્ધાત્મક ભાવે ઓફર કરશે.

# શિમલામાં કાર બેકાબુ બનતા ખાડામાં પડી, માતા-પુત્રી સહિત ચાર લોકોના મોત

શિમલા, તા.૨૬




હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં શોઘી-આનંદપુર-મેહલી બાયપાસ પર રાત્રે થયેલા માર્ગ અકસ્માતમાં માતા અને પુત્રી સહિત ચાર લોકોના મોત થયા છે. માર્યા ગયેલાઓમાં બે બાળકોનો પણ સમાવેશ થાય છે. કારમાં સવાર લોકો શોગીથી માહલી આવી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો. દરમિયાન, શીલ ગામ નજીકના પુલ પાસે, કારચાલકે નિયંત્રણ ગુમાવી દીધું અને રસ્તાથી લગભગ ૧૦૦ ફૂટ ઊંડા ખાડામાં પડી ગઈ.

આ અકસ્માતમાં કારમાં સવાર ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત રાત્રે થયો હતો. શોઘીથી માહલી તરફ આવી રહેલા કારચાલકે શીલગાંવ નજીક પુલ પાસેના વળાંક પર કાબુ ગુમાવી દીધો અને કાર ખાડામાં પડી ગઈ. અકસ્માતની જાણ થતાં જ નજીકના વિસ્તારના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા અને પોલીસને પણ જાણ કરી.

પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી પરંતુ અંધારાને કારણે તેમને ઢાળ પરથી ખાડામાં ઉતરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આને ધ્યાનમાં રાખીને, બચાવ માટે SDRF અને ફાયર બ્રિગેડના કર્મચારીઓને બોલાવવામાં આવ્યા હતા. બચાવ ટીમ ઊંડી ખાઈ સુધી પહોંચી ત્યાં સુધીમાં ચારેયના મોત થઈ ગયા હતા.

અકસ્માત કેવી રીતે થયો તે અંગે હાલમાં કોઈ માહિતી નથી. પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

# જો વક્ફ સુધારા બિલ પસાર થશે, તો નીતિશ કુમારને સમર્થન નહીં : મુસ્લિમ પર્સનલ લો બોર્ડ

(એચ.એસ.એલ),પટણા,તા.૨૬

બિહારના પટનામાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ દ્વારા આજે વક્ફ સુધારા બિલ સામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રવક્તા ડૉ. સૈયદ કાસિમ રસૂલ ઈલ્યાસનું એક નિવેદન પણ પ્રકાશમાં આવ્યું છે. તેમણે કહ્યું, 'અમારી લડાઈ દેશના હિન્દુ ભાઈઓ સાથે નથી, અમારી લડાઈ એવા લોકો સાથે છે જેઓ સરમુખત્યારશાહી નિર્ણયોનું સમર્થન કરી રહ્યા છે.' તેમણે કહ્યું, 'જે રીતે શાહીન બાગમાં વિરોધ થયો, જો આ બિલ પાછું ખેંચવામાં નહીં આવે અને ભગવાન ન કરે, આ કાયદો પસાર થાય છે, તો અમે દેશવ્યાપી અભિયાન શરૂ કરીશું.' આજે પટનામાં વિરોધ પ્રદર્શન થયું છે, આગામી વિરોધ ૨૯મીએ વિજયવાડામાં થશે. અહીં વિરોધ પ્રદર્શન ભાજપ, જેડીયુ અને એલજેપીને ચેતવણી આપવા માટે છે કે જો તમે આ બિલને સમર્થન આપશો, તો તમને અમારા સમર્થનથી વંચિત રાખવામાં આવશે.

# કોમેડિયન કુણાલ કામરાને વધુ એક ઝટકો નાસિકના મનમાડમાં પોલીસ ફરિયાદ નોંધાઈ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬



કોમેડિયન કુણાલ કામરાની મુશ્કેલીઓ વધી રહી છે. મહારાષ્ટ્રના નાસિકના મનમાડ પોલીસ સ્ટેશનમાં કુણાલ કામરા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત, કુણાલને મુંબઈ પોલીસ તરફથી એક ઝટકો લાગ્યો છે. મુંબઈ પોલીસે કામરાની અપીલ ફગાવી દીધી છે. ખાર પોલીસે કુણાલ કામરાને સમન્સ પાઠવ્યું હતું, જેના પર કુણાલ કામરાએ એક અઠવાડિયાનો સમય માંગ્યો છે. કુણાલ કામરાના વકીલ ખાર પોલીસ સ્ટેશન પહોંચ્યા અને કુણાલના જવાબની હાર્ડ કોપી અને એક અઠવાડિયાનો સમય માંગવાની તેમની વિનંતી ખાર પોલીસને સોંપી. જોકે, ખાર પોલીસે કુણાલ કામરાની એક અઠવાડિયાની સમય માંગણીને નકારી કાઢી હતી. આજે ખાર પોલીસ કુણાલ કામરાને BNS કલમ ૩૫ હેઠળ બીજું સમન્સ જારી કરશે.

મહારાષ્ટ્રના નાસિકના મનમાડ પોલીસ સ્ટેશનમાં કુણાલ કામરા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. શિવસેનાના નેતા મયુર બોરસેએ કુણાલ કામરા વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. કુણાલ વિરુદ્ધ બીએનએસની કલમ ૩૫૩ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મનમાડ પોલીસે ઝીરો એફઆઈઆર દાખલ કરી છે અને કેસ ખાર પોલીસને ટ્રાન્સફર કર્યો છે. હવે કુણાલ કામરા વિરુદ્ધ કુલ ૩ FIR દાખલ કરવામાં આવી છે.

# રાહુલની ભારત જોડો નહી ભારત તોડો યાત્રા : યોગી આદિત્યનાથ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૬



લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને એકપાત્રી નાટક ગણાવતા, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આરોપ લગાવ્યો કે પાર્ટી અયોધ્યા વિવાદને જીવંત રાખવા માંગે છે. એક એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં, મુખ્યમંત્રી આદિત્યનાથે કોંગ્રેસ સરકાર દરમિયાન થયેલા કામ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

મુખ્યમંત્રી યોગીએ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'ને 'ભારત તોડો અભિયાન' ગણાવ્યું અને કહ્યું કે તેમના ઈરાદાઓથી બધા વાકેફ છે. ભારતીય રાજકારણમાં ભારતીય જનતા પાર્ટી માટે રાહુલ જેવા કેટલાક ઉદાહરણો હોવા જોઈએ જેથી એક રસ્તો હંમેશા સ્પષ્ટ અને સારો રહે.

# સુપરમાર્કેટના કર્મચારીએ મરાઠીમાં બોલવાની ના પાડતા મનસે કાર્યકરોએ માર માર્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૨૬



રાજ ઠાકરેની આગેવાની હેઠળની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના કાર્યકરોએ મુંબઈના એક અગ્રણી સુપરમાર્કેટ સ્ટોરના કર્મચારીને મરાઠીમાં ન બોલવા બદલ થપ્પડ મારી હોવાનો આરોપ છે. પોલીસે આ માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું કે, આ ઘટના મંગળવારે અંધેરી (પશ્ચિમ)ના વર્સોવામાં ડી-માર્ટ સ્ટોરમાં બની હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, સ્ટોર કર્મચારી એક ગ્રાહકને કહેતો સાંભળી શકાય છે, હું મરાઠીમાં નહીં બોલુ, હું ફક્ત હિન્દીમાં જ બોલીશ. તમારે જે કરવું હોય તે કરો. જ્યારે મનસેને કર્મચારીની ટિપ્પણી વિશે ખબર પડી, ત્યારે પાર્ટીના વર્સોવા એકમના પ્રમુખ સંદેશ દેસાઈના નેતૃત્વમાં કાર્યકરોનું એક જૂથ સ્ટોર પર પહોંચ્યું અને કર્મચારીને કથિત રીતે થપ્પડ મારી દીધી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, સ્ટોર કર્મચારીએ પાછળથી તેના વર્તન માટે માફી માંગી હતી.

# ગેરમાર્ગે દોરતી જાહેરાતો સામે સુપ્રીમ કોર્ટે કાર્યવાહી કરી, નિવારણ તંત્ર બનાવવાનો નિર્દેશ

નવીદિલ્હી,તા.૨૬



સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો સામે ફરિયાદ નિવારણ પદ્ધતિ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે આવી જાહેરાતો સમાજને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે અને તેના પર કડક દેખરેખ રાખવી જરૂરી છે. સરકારે રાજ્યોને આ મિકેનિઝમ સ્થાપિત કરવા માટે બે મહિનાનો સમય આપ્યો છે. ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જ્વલ ભુયાનની બેન્ચે રાજ્યોને ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ એક્ટ, ૧૯૫૪ હેઠળ પ્રતિબંધિત વાંધાજનક જાહેરાતો સામે સામાન્ય લોકોની ફરિયાદો માટે યોગ્ય પદ્ધતિ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી ભ્રામક જાહેરાતો પર કડક પ્રતિબંધનો માર્ગ મોકળો થયો છે. "અમે રાજ્યોને બે મહિનાની અંદર યોગ્ય ફરિયાદ નિવારણ તંત્ર સ્થાપિત કરવા અને તેની ઉપલબ્ધતાનો નિયમિતપણે પ્રચાર કરવા નિર્દેશ આપીએ છીએ," બેન્ચે આદેશમાં જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે રાજ્યોને કાયદાની જોગવાઈઓનો અમલ કરવા માટે પોલીસ તંત્રને સંવેદનશીલ બનાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

# પર્યાવરણને બચાવવા ભારત અને સિંગાપોરના ગ્રીન ડિજિટલ શિપિંગ કોરિડોર પર હસ્તાક્ષર

(એચ.એસ.એલ),સિંગાપોર,તા.૨૬



ભારત અને સિંગાપોરે દરિયાઈ પરિવહનને ડિજિટલ અને પર્યાવરણને અનુકૂળ બનાવવા માટે ગ્રીન ડિજિટલ શિપિંગ કોરિડોર માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. મંગળવારે હસ્તાક્ષર કરાયેલ લેટર ઓફ ઈન્ટેન્ટ ડિજિટલાઈઝેશન અને કાર્બન-મુક્ત પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કરાર દ્વારા, બંને દેશો સંયુક્ત રીતે એવા ટેકનોલોજીકલ ઉકેલો વિકસાવશે જે જહાજોમાંથી ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડી શકે. સિંગાપોરના મેરીટાઈમ એન્ડ પોર્ટ ઓથોરિટી અને બંદરો અને શિપિંગ મંત્રાલય દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, ભારત-સિંગાપોર જીડીએસસી બંને દેશો વચ્ચે સહયોગ વધારશે અને શૂન્ય અથવા લગભગ શૂન્ય જીએચજી ઉત્સર્જન તકનીકો અને ડિજિટલ ઉકેલોના વિકાસ, ઉપયોગ અને અપનાવવાને વેગ આપવામાં મદદ કરશે.

# યુધ્ધના વિરોધમાં લાખો ગાઝાવાસીઓ હમાસ વિરુદ્ધ રસ્તા પર ઉતર્યા

ગાઝા,તા.૨૬

ગાઝાના લોકોએ પહેલીવાર હમાસ વિરુદ્ધ એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કર્યું છે. ગાઝાના લાખો લોકો હમાસ વિરુદ્ધ નારા લગાવતા રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે દોઢ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધને કારણે અત્યાર સુધીમાં ૫૦ હજારથી વધુ લોકોના મોત થયા છે. ઈઝરાયલ-હમાસના નેતૃત્વ હેઠળના ગાઝા યુદ્ધવિરામ ભંગ થયા પછી, ઈઝરાયલી સેના લગભગ ૧૦ દિવસથી ઉત્તર અને દક્ષિણ ગાઝા પર ભારે બોમ્બમારો કરી રહી છે. આમાં સેંકડો લોકો માર્યા ગયા છે. આવી સ્થિતિમાં, પહેલીવાર, ગાઝાના લોકો યુદ્ધ અને હમાસ બંનેનો વિરોધ કરવા માટે પોસ્ટર અને બેનરો સાથે મેદાનમાં ઉતર્યા છે. ગાઝાના લોકો કહે છે કે અમે ન તો યુદ્ધ ઈચ્છીએ છીએ કે ન તો હમાસ... મોટી સંખ્યામાં ગાઝાવાસીઓ હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ નારા લગાવીને વિરોધ કરી રહ્યા હતા.

# દેશભરમાં મુસ્લિમોને ઈદની ઉજવણી માટે સૌગાત-એ-મોદી અભિયાન શરૂ

ન્યુ દિલ્હી,તા.૨૬



ભાજપે સૌગાત-એ-મોદી અભિયાન શરૂ કર્યું છે. આ અંતર્ગત, દેશભરના ૩૨ લાખ વંચિત મુસ્લિમોને ઈદની ઉજવણી માટે ખાસ કીટ આપવામાં આવી રહી છે. ભાજપના લઘુમતી મોરચાએ આ અભિયાનની જવાબદારી લીધી છે. દેશની ૩૨ હજાર મસ્જિદો સાથે મોરચાના ૩૨ હજાર કાર્યકરો આ કીટ જરૂરિયાતમંદોને પહોંચાડશે. આ માટે દરેક મસ્જિદમાંથી ૧૦૦ લોકોને મદદ પૂરી પાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સૌગત-એ-મોદી કીટમાં કપડાં અને ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય છે. આમાં મહિલાઓ માટે કુર્તા-પાયજામા, પુરુષો માટે સુટ, કઠોળ, ચોખા, સરસવનું તેલ, ખાંડ, કપડાં અને ખજૂરનો સમાવેશ થાય છે.

# પુતિન અને ઝેલેન્સકી હવે કાળા સમુદ્રમાં યુદ્ધવિરામ માટે સંમત : રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૨૬



રશિયા-યુક્રેન યુદ્ધને લઈને વ્હાઈટ હાઉસે મોટા સમાચાર આપ્યા છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, રશિયા અને યુક્રેન સાઉદી અરેબિયામાં થયેલી વાતચીતમાં અલગથી સંમત થયા હતા કે તેઓ કાળા સમુદ્રમાં જહાજો પર લશ્કરી હુમલા નહીં કરે. સમાંતર નિવેદનોમાં, વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે દરેક દેશ સુરક્ષિત નેવિગેશન સુનિશ્ચિત કરવા, બળનો ઉપયોગ દૂર કરવા અને કાળા સમુદ્રમાં લશ્કરી હેતુઓ માટે વાણિજ્યિક જહાજોના ઉપયોગને રોકવા માટે સંમત થયા છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્લાદિમીર પુતિન વચ્ચેની વીડિયો મિટિંગ પછી આ કરાર થયો હતો જેમાં બંને નેતાઓએ યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવાની ચર્ચા કરી હતી. આ કરાર પહેલા, રશિયા અને અમેરિકા વચ્ચે સાઉદી અરેબિયામાં અનેક તબક્કાની વાતચીત થઈ હતી અને ટ્રમ્પ અને પુતિને વર્ચ્યુઅલ મિટિંગ પણ કરી હતી. યુનાઈટેડ સ્ટેટ્સે મંગળવારે જાહેરાત કરી હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે રશિયા અને યુક્રેન સાથે એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે જે કાળા સમુદ્રમાં યુદ્ધવિરામ લાગુ કરશે અને યુક્રેનના ઊર્જા માળખા પર હુમલાઓને અટકાવશે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા હવે રશિયાને વૈશ્વિક કૃષિ અને ખાતર બજારોમાં ફરીથી સ્થાપિત કરવામાં મદદ કરશે અને કાયમી શાંતિ વાટાઘાટો વિશે પણ વાત કરશે.

# શાંતિ રક્ષકો વિરુદ્ધ ગુના કરનારાઓને સજા થવી જોઈએ : યુએનમાં ભારતની સ્પષ્ટ વાત

(એચ.એસ.એલ),સંયુક્ત રાષ્ટ્ર,તા.૨૬

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને જણાવ્યું હતું કે શાંતિ રક્ષાનું કાર્ય ખૂબ જ પડકારજનક છે અને આમાં શાંતિ રક્ષકોને બિન-રાજ્ય કલાકારો, સશસ્ત્ર જૂથો અને આતંકવાદીઓનો સામનો કરવો પડે છે. ભારતે એમ પણ કહ્યું કે જટિલ સંઘર્ષો અને ધમકીઓના આ યુગમાં, શાંતિ રક્ષા વિરુદ્ધ ગુના કરનારાઓને ન્યાયના કઠેડામાં લાવવા જ જોઈએ. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પર્વતાનેની હરીશે સોમવારે યુએન શાંતિ રક્ષા કામગીરીમાં સ્થિતિસ્થાપકતા વધારવા પર યુએન સુરક્ષા પરિષદની ખુલ્લી ચર્ચા દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી.

હરીશે કહ્યું, આજે, યુએન શાંતિ રક્ષકોને બિન-રાજ્ય કલાકારો, સશસ્ત્ર જૂથો, આતંકવાદીઓ અને આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કની હાજરીનો સામનો કરવો પડે છે. તકનીકી પ્રગતિએ ખોટી/અપમાનજનક/ભ્રામક માહિતી અને દ્વેષપૂર્ણ ભાષણ, ડ્રોન, IED વગેરે જેવા નવા યુગના શસ્ત્રોના રૂપમાં નવા પડકારો ઉભા કર્યા છે. આ કેટલીક નવી વાસ્તવિકતાઓ છે જેનો શાંતિ રક્ષકો સામનો કરી રહ્યા છે. શાંતિ રક્ષકોની સલામતી સર્વોપરી હોવી જોઈએ. રાજદૂતે કહ્યું. જેઓ શાંતિ માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે તેઓને પૂરતું રક્ષણ મળે અને જેઓ શાંતિ રક્ષકો વિરુદ્ધ ગુના કરે છે તેમને ન્યાય મળે. તેમણે ભાર મૂક્યો કે ટુકડી/પોલીસ ફાળો આપનારા દેશોએ પ્રતિકૂળ વાતાવરણમાં અસરકારક રીતે કાર્ય કરવા માટે ઉભરતા પડકારોનો સામનો કરવા માટે તેમના કર્મચારીઓની ક્ષમતાઓ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે.

# તપાસ અર્થે હરિયાણા જઈ રહેલી પોલીસની કારને અકસ્માત: ત્રણ પોલીસ કર્મીઓના મોત

**એક પીએસઆઈ ગંભીર રીતે ઘાયલ થતા સારવારમાં ખસેડાયા**



અમદાવાદ,તા.૨૬

હરિયાણાના સિરસા જિલ્લામાં બુધવારે (૨૬ માર્ચ) ભારતમાલા રોડ પર એક મોટો અકસ્માત થયો હતો. ગુજરાત પોલીસની બોલેરો ગાડી (GJ ૧૮ JB ૭૮૧૯) એક અજાણ્યા વાહન સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ગુજરાત પોલીસના ત્રણ કર્મચારીનાં મોત થયાં છે, જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. રામોલ પોલીસ સ્ટેશનના PSI સોલંકી અને ૩ જવાનો પોક્સો કેસની તપાસ માટે લુધિયાણા જઈ રહ્યા હતા. તેઓની બોલેરોનો અકસ્માત થતાં પોલીસ કોન્સ્ટેબલ સુનિલ ગામિત, હોમગાર્ડ રવીન્દ્ર અને ખાનગી ડ્રાઈવર કનુભાઈ ભરવાડનું મોત થયું છે, જ્યારે PSI જે.પી.સોલંકી ઈજાગ્રસ્ત છે. અકસ્માતના સમાચાર મળતાં જ ACP આઈ ડિવિઝન અને એક PSI તાત્કાલિક ધોરણે હરિયાણા જવા રવાના થયા છે.

# અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં દારૂની પરમિટ ધારકોમાં ધરખમ વધારો

**છેલ્લા બે વર્ષમાં ૧૧૬ લોકોને દારૂ પીવાની છૂટ મળી, ૭ અરજીઓ પેન્ડિંગ**

અમરેલી, તા.૨૬

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવાથી દારૂ પીવો એ કાયદાનું ઉલ્લંઘન છે. દારૂ પીવા બદલ રોજેરોજ દારૂડીયાઓ સામે કેસ નોંધાતા જાય છે. જો કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બેફામ દારૂ પીવાઈ રહ્યો છે. લોકોને દારૂ આરામથી મળી રહે તે માટે અન્ય રાજયમાંથી ટેન્કર ભરીને ગુજરાતમાં દારૂ ઠલવાઈ રહ્યો છે. રાજયના અનેક જિલ્લાઓમાં દારૂનું બેરોકટોક કટીંગ કરી બુટલેગરો મારફતે વિદેશી દારૂની બોટલો પ્યાસીઓ સુધી પહોંચે છે. જોકે પ્યાસીઓને પોલીસનો ડર હોવાથી છાનેખુણે દારૂ ઢીંચી રહ્યા છે. જયારે આરોગ્યની આડમાં મોટા માથાઓ કાવાદાવા કરી જિલ્લા આરોગ્યમાંથી દારૂની પરમિટ મેળવી બેરોકટોક દારૂ પીતા હોય તેઓ ક્રેઝ વધ્યો છે. તાજેતરમાં જ ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણે પાટણ અને અમરેલી જિલ્લામાં દારૂની પરમિટધારકોની સંખ્યા માંગતા ચોંકાવનારા આંકડા બહાર આવ્યા છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે અમરેલી જિલ્લામાં તા.૧/૨/૨૩થી તા.૩૧/૧/૨૪ તેમજ તા.૧/૨/૨૪ થી તા.૩૧/૧/૨૫ સુધીમાં ૧૨૩ અરજીઓ દારૂની પરમિટ માટે આવી હતી. જેમાંથી ૧૧૬ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. અમરેલી જિલ્લામાં દારૂની પરમીટ આપવા બદલ તા.૧/૨/૨૩થી તા.૩૧/૧/૨૪ સુધી સરકારને ૭.૮૫ લાખની આવક થઈ હતી. જયારે ૧/૨/૨૪ થી ૩૧/૧/૨૫ સુધીમાં ૧૩.૨૦ લાખની આવક થઈ હતી. આમ દારૂની પરમિટમાં સરકારને કુલ રૂા.૨૧.૦૫ લાખની આવક થઈ હતી. જિલ્લામાં આર્થિક રીતે સધ્ધર લોકોને પોલીસનો ડર ન રહે તે માટે ૨ વર્ષમાં ૧૧૬ લોકોને દારૂની પરમિટ મળી હોવાનું સામે આવ્યું છે.

# મોરબી જિલ્લાને ૯૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપતા મુખ્યમંત્રી



મોરબી,તા.૨૬

મોરબી જિલ્લાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૯૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ મળી છે. જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટેટ આરએન્ડબીના ૫૭૦ કરોડથી વધુના કામ ઉપરાંત નવા ૧૦૦ કરોડના વિકાસ કામોની પણ જાહેરાત થઈ હતી. સાથે જ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૧૮૭ કરોડથી વધુની કિંમતના ૪૯ કામનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ્સથી મોરબી જિલ્લાના વિકાસને નવી ગતિ મળશે.

# વિધાનસભા પહોંચે તે પહેલા જ વ્યાયામ શિક્ષકોની ટીંગાટોળી કરતી પોલીસ

**શિક્ષકોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા**

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત રાજ્યમાં છેલ્લાં ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી થઈ નથી. એને લઈને વ્યાયામ શિક્ષકો છેલ્લા ઘણા સમયથી સરકારમાં રજૂઆત કરી રહ્યા હોવા છતાં તેમની પડતર માગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ



આવ્યું નથી, જેથી ગઈકાલની માફક આજે પણ વ્યાયામ શિક્ષકો ગાંધીનગરના રામકથા મેદાનમાં ધરણાં - વિરોધ પ્રદર્શન અર્થે એકઠા થયા હતા, જોકે આ દરમિયાન આંદોલનકારીઓ વિધાનસભા પહોંચે એ પહેલાં જ પોલીસે તેમની ટીંગાટોળી કરી અટકાયત કરી લીધી હતી. વ્યાયામ શિક્ષકોએ સરકારવિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. પોતાની માગ સાથે અડગ રહેલા શિક્ષકો ધરણાં પ્રદર્શન કરી વિધાનસભા તરફ વિરોધ કરવા પહોંચી રહ્યા હતા, જોકે એ વખતે જ પોલીસ સાથે ઉગ્ર ઘર્ષણ થયું હતું, જેથી પોલીસે વિરોધ કરી રહેલા વ્યાયામ શિક્ષકોને વીણીવીણીને ઉઠાવ્યા હતા. અનેક આંદોલનકારીઓને પોલીસ ઢસડીને લઈ ગઈ હતી.

# ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં ૧૦ HMPVના કેસ, કોઈ મૃત્યુ નહી




ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં હ્યુમન મેટાન્યુમોવાઈરસ (HMPV)ના નોંધાયેલ કેસમાં એક પણ દર્દીનું મૃત્યુ થયું નથી. HMPVના છેલ્લા એક વર્ષમાં ૧૦ કેસ નોંધાયા હતા. આ વાયરસને ફેલાતો અટકાવવા સરકાર દ્વારા સમયાંતરે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત તમામ હોસ્પિટલોમાં બેડ, ઓક્સીજન, પી.પી.ઈ. કીટ, N-૯૫ માસ્ક, ડ્રગ્સ અને લોજીસ્ટીક પૂરતા પ્રમાણમાં તેમજ વેન્ટીલેટર, પ્લાન્ટ ફન્કશનલ કરાયા છે. સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે જેમાં, HMPV રોગ ન ફેલાય તે માટે #f# ના કેસોની સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવી છે. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તમામ કર્મીઓને રોગ અટકાયતી અને નિયંત્રણની કામગીરી બાબતે માર્ગદર્શન અપાયું હતું.

# રાજયમાં આગામી ૪ દિવસમાં તાપમાનમાં બેથી ચાર ડિગ્રી વધવાની સંભાવના

અમદાવાદ,તા.૨૬

ગુજરાતમાં હાલ ગરમીનો પારો સતત વધી રહ્યો છે ત્યારે હવામાન વિભાગનો અંદાજ છે કે આજથી રાજ્યમાં ગરમી ઓછી થશે, ત્યારબાદ ૩ દિવસ પછી ફરી ગરમી વધશે, ત્યારબાદ મહત્તમ તાપમાનમાં પણ ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થશે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ થતાં જ તાપમાનમાં ઘટાડો થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, અમદાવાદ ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગર અને ડીસા ૪૦.૬ ડિગ્રી, વડોદરા ૪૦.૬ ડિગ્રી, અમરેલી ૪૦.૩ ડિગ્રી, રાજકોટ ૪૦.૭ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૦.૮ ડિગ્રી, ભુજ ૩૮.૪ ડિગ્રી, ભાવનગર ૩૮.૭ ડિગ્રી, કેશોદ ૩૯.૨ ડિગ્રી અને પોરબંદર ૩૬.૨ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું. સાત દિવસ સુધી ગુજરાતમાં હવામાન શુષ્ક રહેશે. આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે.


શ્રદ્ધાંજલિ



તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે,
ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ,
ઉદાર સ્વભાવ, હસમુખો ચહેરો
અમારી નજર સમક્ષ તરવરતો રહેશે.
અમારી સદા એજ પ્રાર્થના કે પરમાત્મા
આપના આત્માને ચિર શાંતિ અર્પે....

ગૌ.વા. ચતુરભાઈ ડુંગરભાઈ બોરડ (ઉ.વ. ૭૫)
સ્વ. તારીખ : ૨૧-૩-૨૦૨૫, ગામ : મોટા માંડવડા

લી.

બાવાભાઈ ભીખાભાઈ મોવલીયા
શૈલેષભાઈ ગોવિંદભાઈ મોવલીયા
નિલેષભાઈ ગોવિંદભાઈ મોવલીયા
વસંતભાઈ બાવાભાઈ મોવલીયા
રાકેશભાઈ કિશોરભાઈ મોવલીયા
ડો. આનંદ કિશોરભાઈ મોવલીયા
જલ્પેશભાઈ બાવાભાઈ મોવલીયા
દિપેન શૈલેષભાઈ મોવલીયા
વર્ષિલ વસંતભાઈ મોવલીયા
રૂષીલ રાકેશભાઈ મોવલીયા
ધ્રુવિલ વસંતભાઈ મોવલીયા
નંદીશ જલ્પેશભાઈ મોવલીયા

કિશોરભાઈ ભીખાભાઈ મોવલીયા
ગં.સ્વ. રીટાબેન કાંતિભાઈ મોવલીયા
ઘનશ્યામભાઈ ચતુરભાઈ બોરડ - ભાણેજ
મનોજભાઈ ચતુરભાઈ બોરડ - ભાણેજ
નીતેશભાઈ મનસુખભાઈ કસવાળા - ભાણેજ
જગદીશ મનસુખભાઈ કસવાળા - ભાણેજ
હંસાબેન સુરેશભાઈ સતાસીયા - દિકરી
લક્ષ્મીબેન હરેશભાઈ કસવાળા - દિકરી
ખુશ્બુબેન રાકેશભાઈ રામાણી - દિકરી
હિરલબેન જીગ્નેશભાઈ ગજેરા - દિકરી
રમાબેન દ્વારકેશભાઈ બાંભરોલીયા - દિકરી
અનસુયાબેન શૈલેષભાઈ નાકરાણી - દિકરી

અર્નવ આનંદભાઈ મોવલીયા

પાંચાભાઈ મુળજીભાઈ મોવલીયા
કાંતિભાઈ આંબાભાઈ મોવલીયા
જયંતિભાઈ આંબાભાઈ મોવલીયા
જયસુખભાઈ આંબાભાઈ મોવલીયા
અરવિંદભાઈ પાંચાભાઈ મોવલીયા
ભુપતભાઈ શંભુભાઈ મોવલીયા
ગોબરભાઈ પરબતભાઈ મોવલીયા
જગાભાઈ હિરાભાઈ મોવલીયા

ધીરૂભાઈ હિરાભાઈ મોવલીયા
હર્ષદભાઈ હરીભાઈ મોવલીયા
વિઠ્ઠલભાઈ ઠાકરશીભાઈ મોવલીયા
સુરેશભાઈ ઘુસાભાઈ મોવલીયા
હંસરાજભાઈ ભગવાનભાઈ મોવલીયા
નાગજીભાઈ અરજણભાઈ મોવલીયા
રામભાઈ ખીમજીભાઈ મોવલીયા
વિનુભાઈ બચુભાઈ મોવલીયા

નારણભાઈ રવજીભાઈ મોવલીયા


**ઝાલોદના રાયપુરામાં વરરાજાની કાર જાનૈયા પર ફરી વળતા ૧૫ લોકોને ઈજા**



ઝાલોદ,તા.૨૬

ઝાલોદ તાલુકાના રાયપુરા ગામે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં મહુડીથી જાન લઈને રાયપુરા ગામે આવેલા વરરાજાની કાર બેકાબૂ બનતા અકસ્માત સર્જાયો હતો. કાર લગ્ન મંડપમાં જાનૈયા પર ફરી વળતાં ૧૫ જેટલા જાનૈયાઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. જોકે સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જ્યા બાદ ડ્રાઈવર કાર મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને તપાસ શરૂ કરી છે. પોલીસે કારના નંબરના આધારે ડ્રાઈવર અને કાર માલિકની શોધખોળ શરૂ કરી છે.

# હડતાલ પર ઉતરેલા આરોગ્ય વિભાગના ૧૧૦૦ કર્મચારીઓને છુટ્ટા કરી દેવાયા

ગાંધીનગર,તા.૨૬



આરોગ્ય વિભાગના કર્મચારીઓ ૧૭ માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ પર છે. આરોગ્ય વિભાગે એસ્મા લાગુ કર્યો હોવા છતાંય આરોગ્યકર્મચારીઓ અડગ રહ્યા છે. બીજી તરફ, સરકારે ૧૧૦૦ આંદોલનકારી કર્મચારીને નોકરીમાંથી છૂટા કર્યા છે, સાથે જ ૪૦૦૦થી વધુ કર્મચારીઓ સામે ચાર્જશીટ અને ખાતાકીય તપાસ શરૂ કરી છે. પંચાયત હસ્તકના આરોગ્યકર્મીઓ છેલ્લા ૧૦ દિવસથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે પડતર માગણીઓને લઈને આંદોલન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૧૦ હજારથી વધુ કર્મચારીને નોટિસ ફટકારી છે. સાબરકાંઠા જિલ્લામાં ૪૦૦ જેટલા કર્મચારીને છૂટા કરવાની નોટિસ અપાઈ છે. કર્મચારી સંઘના મહામંત્રી આશિષ બારોટને પણ સાબરકાંઠામાંથી છૂટા કરવાનો આદેશ અપાયો છે.


હોટલ રોયલ ફોરચ્યુન
હોટલ રોયલ ફોરચ્યુન-2
અમરેલીનું ગૌરવ
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ઓન્લી રૂા.૯૯૯/-માં સુપર ડીલક્સ રૂમ



ફર્સ્ટનાઈટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/-માં
હોટલ રોયલ ફોરચ્યુન
કેરીયા રોડ, બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
હોટલ રોયલ ફોરચ્યુન-2
આયુશ કોમ્પ્લેક્ષ, R.T.O. બાયપાસ રોડ, સાવરકુંડલા ચોકડીની બાજુમાં અમરેલી.
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૦૧૬૯૩૧૧૧૯



પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



મનુષ્ય જન્મથી નહિ પણ કર્મથી ઓળખાય છે.
એટલે જ તો જન્મ કરતા મરણ વધુ યાદગાર બને છે
જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે તમે ગયા પણ
તમારી યાદ હજુ જીવંત છે. પ્રભુ આપના આત્માને
શાંતિ આપે એજ પ્રાર્થના

સ્વ. મુળુભાઈ કાળુભાઈ ભુતૈયા
સ્વ. તા. ૨૭-૦૩-૨૦૨૪, મુ. અલી ઉદેપુર તા. લાઠી જિ. અમરેલી

:લી:

અરવિંદભાઈ મુળુભાઈ ભુતૈયા
(અ.જી.મ.સ.બેંક લી.)
જગદીશભાઈ મુળુભાઈ ભુતૈયા

રાજુભાઈ મુળુભાઈ ભુતૈયા
(પ્રમુખ જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચો)
જીતેન્દ્રભાઈ મુળુભાઈ ભુતૈયા

તેમજ ભુતૈયા પરિવારના જયશ્રી કૃષ્ણ